


PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 298
Dt.: 09-07-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa


### E20 ફ્યૂલને લઈ નીતિન ગડકરીની ઓપન ચેલેન્જ

# E20 ફ્યૂલથી એક પણ ગાડી ખરાબ થઈ હોય તો પુરાવાઓ સામે લાવો

### તેમણે આક્ષેપ કર્યો કે આ ફ્યુઅલ વિરુદ્ધ ખોટી અફવાઓ ફેલાવવા માટે સોશિયલ મીડિયા પર પેઈડ કેમ્પેઈન ચલાવવામાં આવી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં આજકાલ E20 પેટ્રોલ (૨૦% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ) ને લઈને સોશિયલ મીડિયા અને અલગ-અલગ મંચો પર વ્યાપક ચર્ચા અને વિવાદ ચાલી રહ્યો છે.

ઘણા લોકો એવો દાવો કરી રહ્યા છે કે આ ઈંધણનો ઉપયોગ કરવાથી વાહનની માઈલેજ ઓછી થઈ જાય છે અને ગાડીનું એન્જિન પણ બગડી શકે છે. આ તમામ અફવાઓ અને દાવાઓ વચ્ચે કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે E20 પેટ્રોલને લઈને ફેલાવવામાં આવી રહેલા નકારાત્મક દાવાઓનો અત્યાર સુધી કોઈ નક્કર પુરાવો સામે આવ્યો નથી. પુરાવા વિના લોકોને ભ્રમિત કરવા તે બિલકુલ યોગ્ય નથી.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ આ અંગે ખુલ્લો પડકાર ફેંકતા કહ્યું છે કે, જો E20 પેટ્રોલ પુરાવવાને કારણે કોઈની ગાડીનું એન્જિન ખરાબ થયું હોય તો તે ગાડીની સંપૂર્ણ માહિતી અને પુરાવા જનતા સામે લાવે. તેમણે ઉમેર્યું કે આવા કિસ્સામાં કારના માલિક પોતાના ડીલરની સાથે-સાથે સીધા તેમને પણ ફરિયાદ મોકલી શકે છે. ગડકરીનો દાવો છે કે અત્યાર સુધી તેમની પાસે આવો એક પણ કેસ આવ્યો નથી, જે સાબિત કરી શકે કે E20 પેટ્રોલ એન્જિનને નુકસાન પહોંચાડે છે. એટલું જ નહીં, તેમણે આક્ષેપ કર્યો કે આ ફ્યુઅલ વિરુદ્ધ ખોટી અફવાઓ ફેલાવવા માટે સોશિયલ મીડિયા પર પેઈડ કેમ્પેઈન ચલાવવામાં આવી રહ્યા છે.



નીતિન ગડકરીએ સ્વીકાર્યું હતું કે સામાન્ય પેટ્રોલની સરખામણીમાં ઈથેનોલની એનર્જી કેપેસિટી થોડી ઓછી હોય છે. આ જ કારણે કેટલીક ગાડીઓમાં માઈલેજમાં નજીવો ઘટાડો અનુભવાઈ શકે છે. પરંતુ તેનો અર્થ એ બિલકુલ નથી કે તેનાથી એન્જિન ખરાબ થઈ જશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે માઈલેજ થોડી ઓછી થવી અને એન્જિનને નુકસાન થવું એ બંને તદ્દન અલગ બાબતો છે અને લોકોએ આ બંને બાબતોને ભેગી કરીને ન જોવી જોઈએ.ગડકરીએ જણાવ્યું કે સરકાર E20 પેટ્રોલને એટલા માટે પ્રોત્સાહન આપી રહી છે જેથી દેશની વિદેશી તેલ પરની નિર્ભરતા ઘટાડી શકાય. ભારત દર વર્ષે કરોડો રૂપિયાનું ખર્ચ કરીને મોટી માત્રામાં કાચું તેલ વિદેશોમાંથી ખરીદે છે. જો પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધશે તો ઓઈલ ઈમ્પોર્ટ બિલમાં મોટો ઘટાડો થશે. ઈથેનોલનો સૌથી મોટો ફાયદો દેશના ખેડૂતોને પણ મળશે. ઈથેનોલ મુખ્યત્વે શેરડી, મકાઈ અને અન્ય કૃષિ પાકોમાંથી તૈયાર કરવામાં આવે છે. આ બાયોફ્યુઅલની માંગ વધવાથી ખેડૂતોના પાકની વપરાશ વધશે અને તેમને વધુ સારી આવક મેળવવાની તક મળશે. આ સાથે ઈથેનોલ મિશ્રિત ઈંધણથી પ્રદૂષણ પણ ઘટે છે, તેથી તે પર્યાવરણ માટે પણ ઘણું ઉત્તમ માનવામાં આવે છે. હાલના દિવસોમાં E20 પેટ્રોલને લઈને રાજકીય નિવેદનબાજી પણ તેજ થઈ ગઈ છે. કેટલાક વિપક્ષી નેતાઓનું કહેવું છે કે આનાથી કાર ચાલકોને આર્થિક નુકસાન થઈ શકે છે, જ્યારે બીજી તરફ સરકારનો દાવો છે કે જે ગાડીઓને E20 ઈંધણના હિસાબે જ તૈયાર (Compliant) કરવામાં આવી છે, તેમના માટે આ ફ્યુઅલ સંપૂર્ણપણે સુરક્ષિત છે. સરકારે આ નવી નીતિ લાગુ કરતાં પહેલાં વાહનો પર તેનું કેટલાય સ્તરે સખત ટેસ્ટિંગ કર્યું છે.

### મહારાષ્ટ્રમાં મૂશળધાર વરસાદનો કહેર

## નાસિકમાં વાદળ ફાટવાની શક્યતા સાથે ભારે વરસાદનું એલર્ટ જારી

### મહારાષ્ટ્રમાં રસ્તાઓ જળમગ્ન બનતાં અને હજુ પણ વરસાદનું એલર્ટ હોવાથી લોકોની ચિંતામાં વધારો થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા ભારે વરસાદે જનજીવનને ગંભીર અસર પહોંચાડી છે. રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં લોકોમાં ચિંતા છે કે, જો વરસાદ યથાવત રહેશે તો પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. જોકે ભારતીય હવામાન વિભાગ (IMD)એ રાહતના સમાચાર આપતા જણાવ્યું છે કે, આગામી દિવસોમાં વરસાદની તીવ્રતા ધીમે ધીમે ઘટવાની શક્યતા છે.છેલ્લા ૨૪ કલાકમાં પડેલા મુશળધાર વરસાદથી રાજ્યના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ઘણી નદીઓ ભયજનક સપાટીને પાર વહી રહી છે. મહારાષ્ટ્ર રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણ (MSDMA)ના અહેવાલ મુજબ વરસાદ સંબંધિત ઘટનાઓમાં બે લોકોના મોત થયા છે અને કેટલાક લોકો ઘાયલ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ



૨૦૩.૩ મીમી વરસાદ પાલઘર જિલ્લામાં નોંધાયો હતો.

ઠાણે – ૧૧૬.૪ મીમી

રાયગઢ – ૧૦૮.૭ મીમી

મુંબઈ ઉપનગર – ૯૦.૪ મીમી

પુણે – ૭૦.૯ મીમી વરસાદ નોંધાયો હતો.

સતત વરસાદને કારણે કોંકણ વિસ્તારની અનેક નદીઓમાં જળસ્તર ઝડપથી વધી રહ્યું છે. અંબા, સાવિત્રી અને જગબુડી નદીઓ ભયજનક સપાટીને પાર વહી રહી છે. કુન્ડલિકા અને પિંજલ નદીઓ ચેતવણી સ્તરને વટાવી ચૂકી છે. સાતારામાં ભૂસ્ખલન, નંદુરબારમાં વીજળી પડતા ૨નાં મોત થયા છે. સાતારા જિલ્લામાં ભૂસ્ખલનની ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે. ભારે વરસાદ દરમિયાન દીવાલ ધરાશાયી થતાં ચાર પશુઓના પણ મોત થયા હતા. નંદુરબારમાં આકાશી વીજળી પડતાં એક વ્યક્તિનું મોત થયું છે. જ્યારે ઠાણે અને મુંબઈમાં વૃક્ષ પડવાની અલગ-અલગ ઘટનાઓમાં બે લોકો ઘાયલ થયા છે. પાલઘરમાં કોઈ માનવ જાનહાનિ થઈ નથી, પરંતુ પૂરનાં પાણીમાં તણાઈ જતાં ૧૧ પશુઓના મોત થયા છે. ઠાણે, મુંબઈ, રાયગઢ, પાલઘર સહિત દરિયાકાંઠે હાઈ ટાઈડ એલર્ટ છે. ભારતીય રાષ્ટ્રીય મહાસાગર માહિતી સેવા કેન્દ્ર (INCOIS)એ મહારાષ્ટ્રના સમગ્ર દરિયાકાંઠા માટે ૮ જુલાઈની રાત સુધી રેડ એલર્ટ જાહેર કર્યું છે. ચેતવણી મુજબ દરિયામાં ૪.૮થી ૫ મીટર ઊંચા મોજાં ઉછળી શકે છે. રત્નાગીરી અને સિંધુદુર્ગમાં સૌથી ઊંચા મોજાં આવવાની સંભાવના છે, જ્યારે ઠાણે, મુંબઈ, રાયગઢ અને પાલઘરના દરિયાકિનારે પણ દરિયો અત્યંત ઉગ્ર રહેવાની શક્યતા છે. પ્રશાસને માછીમારો અને નાની બોટોને દરિયામાં ન જવાની કડક સૂચના આપી છે. સાથે જ દરિયાકાંઠે તમામ પ્રકારની મનોરંજન પ્રવૃત્તિઓ પર અસ્થાયી પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

### ૧૯૯૪માં ભારતનું કોઈ પણ મોટું રાજ્ય મધ્યમ આવકના સ્તરે નહોતું

## ગુજરાત સહિત દેશનાં પાંચ રાજ્યોમાં માથાદીઠ આવક વધીઃ વર્લ્ડ બેન્ક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતની સરેરાશ આવક ભલે હજુ પણ લોઅર-મિડલ ઈન્કમ કેટેગરીમાં હોય, પરંતુ દેશની અંદરની સ્થિતિ ઘણી અલગ છે. વર્લ્ડ બેન્ક ગ્રૂપ દ્વારા ૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ 'કન્ટ્રી ઈન્કમ ક્લાસિફિકેશન' રિપોર્ટ દર્શાવે છે કે ભારતમાં લોકોની માથાદીઠ આવક ૨,૭૬૦ ડોલર છે, જે તેને હજુ પણ નિમ્ન-મધ્યમ આવક ધરાવતા દેશોની શ્રેણીમાં રાખે છે. પરંતુ આ જ રિપોર્ટમાં એ પણ સામે આવ્યું છે કે ગુજરાત સહિત ભારતના ૫ રાજ્યો હવે 'અપર-મિડલ ઈન્કમ લેવલ' ને પાર કરી ચૂક્યા છે. આ એક સ્પષ્ટ સંકેત છે કે ભારતની આર્થિક ગાથા હવે એકસરખી રહી નથી; કેટલાક રાજ્યો ઝડપથી આગળ વધ્યા છે, જ્યારે કેટલાક હજુ પણ ઘણા પાછળ છે. આ રિપોર્ટ પ્રમાણે, દિલ્હી સૌથી આગળ છે, જ્યાં લોકોની માથાદીઠ આવક ૬,૨૧૭ ડોલર સુધી પહોંચી ગઈ છે. ત્યારબાદ કર્ણાટક, તેલંગાણા, તામિલનાડુ અને



ગુજરાતનો ક્રમ આવે છે.કેટલાક રાજ્યો ઉચ્ચ-મધ્યમ આવકની મર્યાદાની ખૂબ નજીક પહોંચી ગયા છે, પરંતુ હજુ થોડા પાછળ છે, જેમ કે – મહારાષ્ટ્રમાં લોકોની માથાદીઠ આવક ૪,૬૨૮ ડોલર, હરિયાણામાં ૪,૬૨૭ ડોલર અને કેરળમાં લોકોની માથાદીઠ આવક ૪,૬૧૦ ડોલર છે. આ ત્રણેય રાજ્યો અને વર્લ્ડ બેન્કની મર્યાદા વચ્ચેનો તફાવત ખૂબ જ ઓછો છે. એટલે કે, આવનારા સમયમાં આ રાજ્યો પણ ઉચ્ચ-મધ્યમ આવક શ્રેણીમાં સામેલ થઈ શકે છે.આ રિપોર્ટમાં સૌથી ગરીબ રાજ્યોમાં બિહારમાં માથાદીઠ ૯૮૪ ડોલર, ઉત્તરપ્રદેશમાં ૧,૪૦૩ ડોલર અને ઝારખંડમાં ૧,૪૭૦ ડોલરની માથાદીઠ આવક છે. રિપોર્ટ મુજબ, બિહારની માથાદીઠ આવક માત્ર ૯૮૪ ડોલર છે. તે માત્ર ભારતની સરેરાશ કરતા ઘણી ઓછી નથી, પરંતુ નેપાળ અને ઘણા ગરીબ આફ્રિકન દેશો કરતા પણ ઓછી હોવાનું જણાવાયું છે. આ તફાવત દર્શાવે છે કે ભારતની અંદર વિકાસની ગતિ સમાન રહી નથી. એક તરફ કેટલાક રાજ્યો વૈશ્વિક સ્તરના ઉચ્ચ-મધ્યમ આવક ધરાવતા સમૂહમાં પહોંચી રહ્યા છે, તો બીજી તરફ કેટલાક રાજ્યો હજુ પણ પાયાની આવક સ્તર માટે સંઘર્ષ કરી રહ્યા છે.રિપોર્ટનો સૌથી મહત્વનો ભાગ છેલ્લા ૩૦ વર્ષનો બદલાવ છે. ૧૯૯૪માં ભારતનું કોઈ પણ મોટું રાજ્ય મધ્યમ આવકના સ્તરે નહોતું. પરંતુ ૨૦૨૫-૨૬ સુધીમાં ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. આજે ઘણા રાજ્યોની માથાદીઠ આવક અમુક દેશોની સમકક્ષ અથવા તેનાથી પણ વધારે છે. જેમ કે કર્ણાટક અને તેલંગાણાની આવક ઈન્ડોનેશિયા (૫,૧૨૦ ડોલર) અને વિયેતનામ (૪,૯૭૦ ડોલર) કરતા વધી ગઈ છે. ઘણા ભારતીય રાજ્યો દક્ષિણ આફ્રિકા (૬,૨૭૦ ડોલર), ફિજી (૬,૨૩૦ ડોલર) અને મંગોલિયા (૬,૨૧૦ ડોલર) ની બરોબર અથવા તેનાથી આગળ પહોંચી ગયા છે. આ દર્શાવે છે કે ભારતના કેટલાક ભાગોએ છેલ્લા ત્રણ દાયકામાં ઝડપી આર્થિક છલાંગ લગાવી છે.

### ઈઝરાયેલ-પેલેસ્ટાઈન વચ્ચે અઢી વર્ષથી ચાલતા યુદ્ધનો અંત આવશે?

## હમાસે ગાઝામાં પોતાની સરકાર વિખેરી UNની સમિતિને સત્તા સોંપવા તૈયારી

### પેલેસ્ટાઈનના રોજિંદા કામકાજને કરવા માટે માત્ર ટેકનિકલ અને પ્રોફેશ્નલ કર્મચારીઓ જ તેમના પદ પર રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ડેર-અલ-બલાહ

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે છેલ્લાં આશરે અઢી વર્ષથી ચાલતા યુદ્ધનો ટૂંક સમયમાં અંત આવે તેવી સંકેતો પ્રબળ બન્યાં છે.

પેલેસ્ટિનિયન આતંકી જૂથ હમાસે અમેરિકાની મધ્યસ્થી હેઠળના યુદ્ધવિરામની યોજના હેઠળ ગાઝામાં તેની સરકાર વિખેરી નાખવાની જાહેરાત કરી છે. આ સાથે જ હમાસે સંયુક્ત રાષ્ટ્રનું પીઠબળ ધરાવતી ટેકનિકલ સમિતિને સત્તા સોંપવાની તૈયારી શરૂ કરી છે. જોકે હમાસે નિઃશસ્ત્રીકરણ કરવાના અને આંતરરાષ્ટ્રીય દળોને સુરક્ષા વ્યવસ્થા સોંપવા જેવા મહત્વના નિર્ણયો અંગે કોઈ સ્પષ્ટતા કરી નહોતી. હમાસના નીચલી પાયરીના અધિકારી દ્વારા કરાયેલી આ જાહેરાતથી ખરેખર પરિસ્થિતિ બદલાશે કે કેમ તે અંગે નિષ્ણાતો શંકા સેવી રહ્યાં છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અધ્યક્ષતાવાળા બોર્ડ ઓફ પીસે આ મામલે જણાવ્યું હતું કે, હમાસે કરેલી જાહેરાતથી તેઓ વાકેફ છે, પરંતુ તેઓ વાસ્તવિક સ્થિતિ જોયાં પછી જ કોઈ નિર્ણય લેશે.

બોર્ડે વધુમાં જણાવ્યું હતું કે, યુદ્ધવિરામની શરતો અનુસાર, ટેક્નોક્રેટિક કમિટીએ ગાઝાના તમામ હથિયારોનું નિયંત્રણ પોતાના હાથમાં લઈ લેવું જોઈએ. હમાસ સંચાલિત સરકારી મીડિયા ઓફિસના જનરલ ડિરેક્ટર ઈસ્માઈલ-અલ-થવાબ્તાએ સોમવારે જણાવ્યું હતું કે, પેલેસ્ટાઈનના રોજિંદા કામકાજને કરવા માટે માત્ર ટેકનિકલ અને પ્રોફેશ્નલ કર્મચારીઓ જ તેમના પદ પર રહેશે.

હાલમાં કામ કરતાં સરકારના તમામ કર્મચારીઓ નેશનલ કમિટી ફોર એડમિનિસ્ટ્રેશન ઓફ ગાઝાના તાબામાં કામ કરવા માટે સંપૂર્ણ સજ્જ છએ. હમાસના પ્રવક્તા હાઝેમ કાસીમે આ જાહેરાતને યુદ્ધવિરામની સમજૂતીને આગળ વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું. ઈજિપ્તના કૈરો સ્થિત ટેક્નોક્રેટની કમિટીના ચેરમેન અલિ શાથે હમાસે કરેલી જાહેરાતની પુષ્ટી કરી હતી. ઉલ્લેખનીય છે કે, ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામના હસ્તાક્ષર બાદ હમાસના નિઃશસ્ત્રીકરણ તથા ગાઝાના પુનઃનિર્માણ સહિતની શરતો ધરાવતાં યુદ્ધવિરામના બીજા તબક્કાના અમલ મુદ્દે આશરે નવ મહિના સુધી અવરોધ સર્જાયો હતો.

હમાસે ગાઝામાં પોતાની સરકાર વિખેરી નાખવા કરેલી જાહેરાત આંખમાં ધૂળ નાંખવા સમાન હોવાનું જણાવતાં ઈઝરાયેલે તેને નિરર્થક ગણાવી છે. ઈઝરાયેલના એક અધિકારીએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે, હમાસના તમામ સભ્યો તેમના પદ પર કાર્યરત છે ત્યારે સરકારના કથિત રાજીનામાનો કોઈ મતલબ નથી.

## ઓમાન કોરિડોરનો ઉપયોગ કરતા ભારતીય ટેન્કરને રોકાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

મિડલ ઈસ્ટના હોર્મુઝ જળમાર્ગમાં ફરી ભારે તણાવની સ્થિતિ ઉભી થઈ છે. ઈરાનની સેનાએ એક ભારતીય તેલ ટેન્કરને અટકાવીને અધવચ્ચેથી જ પાછું મોકલી દીધું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય સંઘર્ષના કારણે આ આખો દરિયાઈ વેપાર માર્ગ અત્યારે યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયો છે.

ઈરાનની ન્યૂઝ એજન્સી ફાર્સે જણાવ્યું છે કે, હોર્મુઝ જળમાર્ગમાં ઓમાનના કોરિડોરથી પસાર થઈ રહેલા એક ભારતીય તેલ ટેન્કરને પાછું મોકલી દેવાયું છે. આ આંતરરાષ્ટ્રીય રૂટ પર ઈરાની સેનાએ સખત વિરોધ નોંધાવ્યો હતો અને ભારતીય ટેન્કરને ત્યાંથી પાછા વળી જવા આદેશ આપ્યો હતો.

ખરેખર તો ફસાયેલા જહાજોને નીકાળવા માટે યુએન અને ઓમાને જૂનમાં એક કામચલાઉ ઓમાન કોરિડોર બનાવ્યો હતો, જેની દેખરેખ અમેરિકા કરે છે. પરંતુ ફાર્સે જણાવ્યું કે, ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) રેડિયો દ્વારા સતત ચેતવણી આપી રહી છે કે, જહાજો ઓમાન કોરિડોરના બદલે ઈરાન દ્વારા નક્કી કરાયેલા કોરિડોરનો જ ઉપયોગ કરે. આ અગાઉ મંગળવારે કતારથી LNG ગેસ લઈને ભારત આવી રહેલા એક મોટા જહાજ પર ડ્રોન હુમલો થયો હતો. આ જહાજ ગુજરાત આવી રહ્યું હતું ત્યારે જ હોર્મુઝ પાસે તેના એન્જિન રૂમમાં આગ લાગી ગઈ હતી. જહાજ પર ૪ ભારતીય સહિત કુલ ૨૯ ક્રૂ મેમ્બર્સ સવાર હતા અને સદનસીબે તમામ સુરક્ષિત છે.




# તંત્રી લેખ......

## અમરનાથ યાત્રા પણ એક દૈવી પ્રથા છે

૩ જુલાઈથી શરૂ થયેલી પવિત્ર શ્રી અમરનાથ યાત્રા ભારતીય આધ્યાત્મિક ચેતના, સાંસ્કૃતિક વારસો અને માનવ મૂલ્યોનું જીવંત પ્રતીક છે. અનાદિ કાળથી, આ પવિત્ર યાત્રાએ આપણી શ્રદ્ધા, સંસ્કૃતિ અને ઓળખને આકાર આપ્યો છે. બાબા બર્ફાનીની યાત્રા માત્ર મુશ્કેલ પર્વતીય માર્ગો પરની યાત્રા નથી, પણ એક આંતરિક આધ્યાત્મિક પ્રથા પણ છે જે આત્માના ઊંડાણ સુધી પહોંચે છે. આ યાત્રા ફક્ત પવિત્ર તીર્થસ્થાન સુધી પહોંચવાનો માર્ગ નથી; તે એક દૈવી પ્રથા પણ છે. આ યાત્રા ધ્યાન, શિવને પ્રાર્થના અને મુશ્કેલ પરિસ્થિતિઓ, અનંતતા અને શાશ્વત સત્યમાંથી પસાર થવાના દૃઢ સંકલ્પનું પ્રતીક છે. બાબા અમરનાથની ગુફાની યાત્રા માનવ જીવન અને અસ્તિત્વની મર્યાદાઓ વચ્ચે સતત સંવાદ છે. ભક્તિ, સમર્પણ અને સામૂહિક શ્રદ્ધાની આ પવિત્ર યાત્રા એ સંદેશ પણ આપે છે કે આધ્યાત્મિકતા અંદર છુપાયેલા પ્રકાશને શોધવાનો માર્ગ છે. દર વર્ષે, દેશ અને વિદેશમાંથી બાબા બર્ફાનીના ભક્તો આ યાત્રામાં ફક્ત પોતાના અથવા પોતાના પ્રિયજનોના કલ્યાણ માટે પ્રાર્થના કરવા માટે જ નહીં, પરંતુ સમગ્ર માનવતાની આકાંક્ષાઓને મૂર્તિમંત કરવા માટે પણ આવે છે. આ યાત્રા આપણી ઓળખ છે અને આપણા જીવન માટે માર્ગદર્શક શક્તિ છે. ભારતમાં આ યાત્રાનો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઈતિહાસ દર્શાવે છે કે અમરનાથ યાત્રા સામાજિક એકતાનું પ્રતીક છે. સદીઓથી, જમ્મુ અને કાશ્મીરમાં વિવિધ ધર્મો અને શ્રદ્ધાના લોકોએ આ યાત્રાનું આયોજન અને જાળવણી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સહઅસ્તિત્વનું ઉત્કૃષ્ટ ઉદાહરણ રજૂ કરતી આ યાત્રા સંદેશ આપે છે કે શ્રદ્ધાનો સાચો હેતુ લોકોને એક કરવાનો છે, અને ભગવાન શિવ સુધી પહોંચવાનો માર્ગ પણ માનવતાના સહિયારા મૂલ્યોની યાત્રા છે.

દર વર્ષે, યાત્રા શરૂ થાય તે પહેલાં, સામાજિક અને ધાર્મિક સંગઠનોના વ્યક્તિઓ શ્રીનગરમાં ભેગા થાય છે. જમ્મુ વિભાગના રામબન જિલ્લામાં પહેલી ટુકડી પહોંચતાની સાથે જ, તમામ ધર્મો અને ધર્મોના નાગરિકો યાત્રાળુઓનું ફળો અને ફૂલોથી સ્વાગત કરે છે. બધા ધર્મો માટે આદર એ ભારતની એક દુર્લભ અને અમૂલ્ય સંપત્તિ છે, અને વિવિધ ધર્મોના લોકો દ્વારા યાત્રાળુઓનું ઉષ્માભર્યું અને ભક્તિમય સ્વાગત આનો જીવંત પુરાવો છે. દરેક ધર્મના પ્રતિનિધિઓ દ્વારા સ્વાગત અને અભિવાદનનો આટલો અદ્ભુત નજારો વિશ્વમાં બીજે ક્યાંય અજોડ છે. આ યાત્રા દરમિયાન, ભારત સમગ્ર વિશ્વને સંદેશ આપે છે કે લોકોની પૂજા પદ્ધતિઓ, વિચારો અને માન્યતાઓ અલગ અલગ હોઈ શકે છે, પરંતુ આપણે એક સામાન્ય માનવતા ધરાવીએ છીએ. આ પવિત્ર યાત્રા વૈશ્વિક સમાજ માટે બીજું એક ઉદાહરણ સ્થાપિત કરે છેઃ અન્યની સેવા કરવી એ સાચી ભક્તિનું બીજું એક સર્વોચ્ચ સ્વરૂપ છે. જ્યારે હજારો શ્રદ્ધાળુઓ એકસાથે કૂચ કરે છે, ભજન ગાતા હોય છે, પ્રાર્થના કરતા હોય છે અને ભગવાન પ્રત્યે ભક્તિ અર્પણ કરે છે, ત્યારે આ દ્રશ્ય આપણને યાદ અપાવે છે કે સમાજની સાચી તાકાત લોકોની શ્રદ્ધા, એકતા અને પરસ્પર વિશ્વાસમાં રહેલી છે.

બાબા બર્ફાનીની યાત્રા આપણી સભ્યતાના આદર્શને જીવંત બનાવે છે, જેને "વિવિધતામાં એકતા" તરીકે ઓળખવામાં આવે છે. આ યાત્રા આપણને શીખવે છે કે રાષ્ટ્રીય એકતા પરસ્પર આદર અને સહિયારા હેતુ પર બનેલી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, યાત્રાળુઓની સંખ્યામાં સતત વધારો થયો છે, જ્યારે ટકાઉ અને મજબૂત માળખાકીય વિકાસ પણ અપેક્ષાઓ કરતાં વધી ગયો છે. દેશના સૌથી દુર્ગમ અને પડકારજનક પ્રદેશોમાંના એકમાં યોજાવા છતાં, યાત્રા આજે ઉત્તમ વ્યવસ્થાપન અને સુવ્યવસ્થિત વ્યવસ્થાનું એક મોડેલ બની ગઈ છે, જે સમગ્ર રાષ્ટ્ર માટે પ્રશંસા અને પ્રેરણાનો વિષય છે. છેલ્લા ત્રણ વર્ષમાં યાત્રાળુઓની સરેરાશ સંખ્યા ૪.૫૭ લાખ રહી છે, જે અત્યાર સુધીની અમરનાથ યાત્રાના એકંદર સરેરાશ કરતા લગભગ ૨૫ ટકા વધુ છે. બધા યાત્રાળુઓ માટે સલામત અને સરળ મુસાફરીનો અનુભવ સુનિશ્ચિત કરવા માટે, "રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન ડિવાઈસ" કાર્ડ જારી કરવામાં આવી રહ્યા છે.

પ્રધાનમંત્રીએ આ વર્ષે અમરનાથ યાત્રા કરી રહેલા યાત્રાળુઓને એક ખાસ પત્ર લખ્યો છે, જેમાં આ પવિત્ર યાત્રાધામને પાંચ સંકલ્પો સાથે જોડવામાં આવ્યું છે, અને બાબાના ભક્તોને તેમના જીવનમાં તેમને અપનાવવા વિનંતી કરી છે. તેમણે તેમને પ્રકૃતિ સાથે સુમેળમાં રહેવા અને હરિયાળું અને ટકાઉ પર્યાવરણ જાળવવા વિનંતી કરી. સ્વચ્છ યાત્રા પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે, "શૂન્ય કચરો અમરનાથ યાત્રા" અભિયાન ૧૦૦% કચરો સંગ્રહ અને રિસાયક્લિંગ, પ્લાસ્ટિક મુક્ત પહેલ અને જનજાગૃતિ કાર્યક્રમો અમલમાં મૂકી રહ્યું છે. આ બધી પહેલ પાછળ, વહીવટ, સેના, પોલીસ, સુરક્ષા દળો, સ્વૈચ્છિક સંગઠનો અને સ્થાનિક સમુદાયો વચ્ચે વિશ્વાસ, સંકલન અને જનભાગીદારીએ અશક્ય લાગતા લક્ષ્યોને પણ વાસ્તવિકતા બનાવી છે.

# સુરતમાં ૩ ખાડી બનશે ભારે મોટી આફતઃ ભારે વરસાદ બાદ ખાડીઓ ભયજનક સપાટી વટાવી ગઈ




પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત શહેરમાં ધોધમાર વરસાદને પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. શહેરની મુખ્ય ૫ ખાડીઓ પૈકી ૩ ખાડીઓ ભયજનક સપાટી વટાવી ચુકી છે. જેનાથી અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે અને સામાન્ય જનજીવન પર વ્યાપક અસર પડી છે. વરસાદ બાદ તરતજ સીમાડા ખાડી ઓવરફ્લો થતા હાલાકીની શરૂઆત થઈ હતી. સીમાડા ખાડીની ભયજનક સપાટી ૪.૫૦ મીટર છે. જેની સામે હાલ તેની સપાટી ૫.૫૦ મીટર નોંધાઈ છે. આ સ્થિતિને કારણે આસપાસના વિસ્તારોમાં પણ પાણી ફરી વળ્યા છે.

સુરતના સરથાણા જકાત નાકા , પર્વત પાટીયા, ચીકુ વાડી અને સાણીયા જેવા વિસ્તારોમાં પાણી ભરાવવાના કારણે હજારો લોકો પાણી વચ્ચે જીવન જીવવા મજબુર બન્યા છે. આ ઉપરાંત સમ્રાટ સર્કલ અને લીંબાયત જેવા મહત્વના વિસ્તારોમાં પણ ખાડી પુરની સમસ્યા વકરી છે. જેના કારણે ટ્રાફીક અને અવર જવર ખોરવાઈ ગઈ છે. સીમાડા ઉપરાંત ભેદવાડ ખાડી અને મીઠી ખાડી પણ ભયજનક સપાટી વટાવી ચુકી છે. જેણે પરિસ્થિતિને વધુ ગંભીર બનાવી છે. અન્ય ૨ ખાડીઓ કાકરા ખાડી અને ભાઠેના ખાડી પણ ભયજનક સપાટીની નજીક પહોચી ગઈ છે. જેના કારણે આગામી સમયમાં વધુ વિસ્તારો પ્રભાવિત થવાની શકયતા સેવાઈ રહી છે. આ પ્રર્વતમાન પરિસ્થિતિને કારણે સ્થાનિકોની મુશ્કેલીઓ સતત વધી રહી છે. લોકોનો મુખ્ય આક્ષેપ છે કે તંત્ર દ્વારા પાણીના નિકાલ અને ખાડી વ્યવસ્થાપન માટે કોઈ નકકર પગલા લેવામાં આવતા નથી.

સ્થાનિકોનુ કહેવુ છે કે દર વરસે ખાડી ઓવરફ્લો થાય છે, બંને સાઈડ થી બિલ્ડીંગો બની ગયા છે તો પાણી જાય કયાં ? ઉપર વરસાદ વરસે તો પાણી તો આવવાનુ છે, આ નિવેદનો તંત્રની બેદરકારી અને આયોજનના અભાવ તરફ ઈશારો કરે છે. ખાડીઓની આસપાસ અનિયંત્રિત બાંધકામો અને દિવાલોના નિર્માણને કારણે ખાડીઓની પહોળાઈ અને ક્ષમતા ઘટી ગઈ છે. જેના લીધે થોડા વરસાદમાં પણ પાણીનો નિકાલ થઈ શકતો નથી અને પાણી શહેરમાં ફરી વળે છે.

આ સમસ્યાના કારણે લોકો માટે પોતાના ઘરમાંથી બહાર નિકળવુ પણ અત્યંત મુશ્કેલ બની ગયુ છે. ધંધા રોજગાર ઠપ્પ થઈ ગયા છે અને અનેક લોકોએ ૩-૪ દિવસ સુધી ઘરમાં જ પુરાઈ રહેવુ પડે છે. આર્થિક મોરચે પણ મોટુ નુકશાન થયુ છે. ખાસ કરીને વાહન ચાલકોને, પાણીમાં ડુબી ગયેલી ફોર વ્હીલર અને ટુ વ્હીલર જેવી હજારો ગાડીઓને મોટાપાયે નુકશાન થયુ છે. જેના કારણે સ્થાનિકોમાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોનો સવાલ છે કે આમ આદમી કરે શું બિચારો ? પાણીનો નિકાલ ન થવાને કારણે દર વરસે આ જ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. જેનાથી કાયમી ઉકેલની માંગણી વધુ પ્રબળ બની રહી છે.

# રાજયના ૧૫૦૦થી વધુ પોલીસ કર્મચારીઓની બઢતી માટે કોર્ટે આપી મંજુરીઃ

## પીએસઆઈની બઢતી પ્રક્રિયાને હાઈકોર્ટે આપી મંજુરી




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે આજે તારીખ ૮ જુલાઈના રોજ એક ઐતિહાસિક ચુકાદો આપીને પોલીસ સબ ઈન્સ્પેકટર (બિન હથિયારી) ની મોટા પાયે બઢતી પ્રક્રિયાનો માર્ગ મોકળો કર્યો છે. ન્યાયમૂર્તિ નિરલ આર મહેતાએ રાજય સરકાર દ્વારા ઘડવામાં આવેલા બઢતીના નિયમોને યથાવત રાખતા ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષામાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કર્યો હતો.

પરીણામે રાજયભરના અંદાજે ૧૮૦૦ પોલીસ કર્મચારીઓને આવરી લેતી લાંબા સમયથી વિલંબીત બઢતી પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચુકી, આ વિવાદમાં બઢતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લેવા માટેની પાત્રતાના માપદંડને લઈને પોલીસ કર્મચારીઓના બે જુદા જુદા વર્ગો વચ્ચે ઉગ્ર કાનુની લડત જોવા મળી હતી. એક પક્ષનુ કહેવુ હતુ કે એક જ ભરતી બેચના તમામ પોલીસ કોન્સ્ટેબલોને પરીક્ષામાં બેસવાની તક મળવી જોઈએ. તો બીજા પક્ષે કાયદાકીય રીતે નિર્ધારીત લઘુત્તમ સેવા અવધિ પૂર્ણ કર્યા બાદ જ ઉમેદવારને પાત્ર ગણવાની જોગવાઈને સમર્થન આપ્યુ હતું. વિવાદનુ મુખ્ય કેન્દ્રબિંદુ રાજય સરકારની એવી નીતી હતી કે હેડ કોન્સ્ટેબલ અથવા આસી. સબ ઈન્સ્પેકટર તરીકે પાંચ વરસની સેવા, અથવા પોલીસદળમાં કુલ ૧૫ વરસની સંયુકત સેવા પૂર્ણ કર્યા બાદ જ ઉમેદવાર પોલીસ સબ ઈન્સ્પેકટર ની વિશેષ સ્પર્ધાત્મક બઢતી પરીક્ષામાં ભાગ લઈ શકે, આ પડકારને ફગાવતા ન્યાયમૂર્તિ મહેતાએ બઢતીની સમગ્ર કાયદાકીય વ્યવસ્થાને માન્ય રાખી હતી. તેમજ પાત્રતાના નિયમો કે પરીક્ષા પ્રક્રિયા પર કોઈપણ પ્રકારની સ્થગિત આદેશ આપવાનો ઈન્કાર કર્યો હતો. આ ચુકાદાથી વિભાગીય બઢતી દ્વારા પોલીસ સબ ઈન્સ્પેકટરની ખાલી જગ્યાઓ ભરવાના રાજય સરકારના પ્રયાસોમાં રહેલો એક મહત્વનો કાનુની અવરોધ દુર થયો છે અને છેલ્લા ઘણા મહિનાઓથી ગુજરાત સરકાર સીધી ભરતી અને વિભાગીય બઢતી બંને માધ્યમો દ્વારા પોલીસદળમાં ખાલી જગ્યાઓ ઝડપી ગતિએ ભરી રહી છે. રાજયના પોલીસદળને તમામ સ્તરે વધુ મજબુત બનાવવાના અભિયાનના ભાગ રૂપે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા પણ આ સમગ્ર પ્રક્રિયાનુ સતત મોનીટરીંગ કરવામાં આવ્યુ છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ તરફથી હાજર રહેલા મુખ્ય સરકારી વકીલ જી એચ વિર્કે દલીલ કરી હતી કે ભરતી અને બઢતી માટેની પાત્રતાના માપદંડ નકકી કરવાનુ કાર્ય રાજય સરકારની નીતીનો વિષય છે અને તે નિયમ ઘડનાર સત્તાધિકારીની વિશિષ્ટ અધિકારક્ષેત્રમાં આવે છે.

રાજય સરકારે વધુમાં એવી દલીલ પણ કરી હતી કે પરીક્ષા પ્રક્રિયા અંતિમ તબકકે પહોચી ગયા બાદ ન્યાયીક હસ્તક્ષેપ કરવામાં આવે તો સમગ્ર બઢતી પ્રક્રિયા ખોરવાઈ જશે અને કાયદાકીય નિયમો મુજબ પરીક્ષામાં ભાગ લેનાર સેંકડો પાત્ર પોલીસ કર્મચારીઓને ગંભીર નુકશાન પહોચશે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ રાજયની સર્વોચ્ચ પોલીસ ભરતી સંસ્થા તરીકે કાર્ય કરે છે અને પોલીસ મહાનિર્દેષકના સીધા માર્ગદર્શન અને દેખરેખ હેઠળ ભરતી તથા બઢતી સંબંધિત પરીક્ષાઓનુ આયોજન કરે છે. હાઈકોર્ટે બઢતીના નિયમોની વૈધતાપર પોતાની મહોર મારતા રાજય સરકારને પારદર્શક, ગુણવત્તા આધારીત અને નિયમબધ્ધ બઢતી પ્રક્રિયા દ્વારા પોલીસદળના ઉચ્ચ હોદ્દાઓ ઝડપથી ભરવાની તેની ચાલુ પહેલને મહત્વપૂર્ણ ન્યાયીક સમર્થન પ્રાપ્ત થયુ છે.

# ૫૫૦ વર્ષ જૂની હવેલી સંગીત પરંપરાને પ્રાપ્ત થયું રાષ્ટ્રીય સ્તરે સન્માનઃ ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન યુવા પુરસ્કાર-૨૦૨૫ માટે હવેલી સંગીતના વિદ્વાન આચાર્ય શ્રી રણછોડલાલજી ગોસ્વામીની પસંદગી

ભારતીય શાસ્ત્રીય સંગીતની પ્રાચીન અને સમૃદ્ધ પરંપરામાં મહત્વનું સ્થાન ધરાવતા પુષ્ટિમાર્ગીય હવેલી સંગીતને રાષ્ટ્રીય સ્તરે સન્માન મળ્યું છે. કેન્દ્ર સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળ કાર્યરત સંગીત નાટક અકાદમી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે જાહેર કરાયેલા ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન યુવા પુરસ્કાર-૨૦૨૫ માટે અમદાવાદના કાલુપુર સ્થિત ગોસ્વામી હવેલીના ૧૬ મી પેઢીના આચાર્ય અને હવેલી સંગીતના વિદ્વાન આચાર્ય શ્રી રણછોડલાલજી ગોસ્વામીની પસંદગી કરવામાં આવી છે.

આચાર્ય રણછોડલાલજી ગોસ્વામી આ સન્માનને પોતાની વ્યક્તિગત સિદ્ધિ કરતાં વધુ સમગ્ર હવેલી સંગીત પરંપરાનું ગૌરવ ગણાવે છે. તેઓ કહે છે, “આ પુરસ્કાર ભારતની ભક્તિ, સંગીત અને સંસ્કૃતિની સમૃદ્ધ પરંપરાને મળેલું સન્માન છે. હવેલી સંગીતમાં ભારતની આત્મા વસે છે.”

પુષ્ટિમાર્ગની સ્થાપના મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીએ આશરે ૫૫૦ વર્ષ પહેલાં કરી હતી. આ પરંપરામાં કીર્તન અને સંગીતને ભક્તિનું સર્વોચ્ચ સાધન માનવામાં આવે છે. આજે પણ હવેલીઓમાં દિવસના અલગ-અલગ પ્રહરો અને ઋતુઓને અનુરૂપ વિશિષ્ટ રાગોમાં સેવા-કીર્તન કરવામાં આવે છે. વસંત, ગ્રીષ્મ, શ્રાવણ કે શરદ— દરેક ઋતુ માટે અલગ સંગીત પરંપરા વિકસાવવામાં આવી છે, જે હવેલી સંગીતને અનોખી ઓળખ આપે છે. અમદાવાદના ૪૫૦ વર્ષ જૂના દોષીવાડાની પોળમાં આવેલી ગોસ્વામી હવેલીના આચાર્ય તરીકે સ્થાપિત રણછોડલાલજી ગોસ્વામીએ ગુરુ-શિષ્ય પરંપરામાં સંગીતની તાલીમ મેળવી છે. સાથે જ ગુજરાત યુનિવર્સિટીની ઉપાસના સ્કૂલ ઓફ પરફોર્મિંગ આર્ટ્સમાંથી સંગીત વિષયમાં અનુસ્નાતક અને એમ.ફિલ. પૂર્ણ કરીને હાલમાં પીએચ.ડી. સંશોધન કરી રહ્યા છે.

માત્ર ૩૨ વર્ષની વયે તેઓએ ૨૨ હજારથી વધુ ભક્તિપદોની રચના કરી છે અને આઠ પુસ્તકોનું સર્જન કર્યું છે. તેઓ ગુજરાત યુનિવર્સિટીના હવેલી સંગીત અભ્યાસક્રમમાં તજજ્ઞ તરીકે પણ સેવા આપે છે. વ્રજભાષા, ગુજરાતી, સંસ્કૃત ઉપરાંત ચારણી, મેવાડી અને મારવાડી જેવી ભાષાઓમાં તેમની રચનાઓ જોવા મળે છે. આચાયશ્રીના જણાવ્યા મુજબ હવેલી સંગીત ભારતીય શાસ્ત્રીય સંગીતનું મૂળ સ્વરૂપ છે. પ્રબંધ, ધ્રુપદ અને ધમાર જેવી પ્રાચીન ગાયન પરંપરાઓમાંથી જ આગળ જઈને ખ્યાલ ગાયકીનો વિકાસ થયો છે. હવેલી સંગીતમાં આજે પણ આ મૂળ પરંપરાઓ જીવંત છે.

તેઓ જણાવે છે કે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી અને શ્રી વિઠ્ઠલનાથજીના સમયથી સૂરદાસ, પરમાનંદદાસ સહિત અષ્ટછાપના કવિઓની રચનાઓ હવેલી સંગીત દ્વારા ગવાતી આવી છે. આ સંગીત માત્ર કલાનું સ્વરૂપ નથી, પરંતુ ભક્તિ અને ઉપાસનાનું જીવંત માધ્યમ છે. આચાયશ્રીનું માનવું છે કે આ પુરસ્કાર સમગ્ર વૈષ્ણવ સમાજ અને શાસ્ત્રીય સંગીતપ્રેમીઓ માટે ગૌરવની ક્ષણ છે. ગુજરાત અને રાજસ્થાન ઉપરાંત મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર તથા પંજાબમાં પણ આ પરંપરા આજે જીવંત છે. સ્વતંત્રતા પછી હવેલી સંગીતને આટલા ઊંચા રાષ્ટ્રીય સ્તરે સન્માન મળ્યાની આ કદાચ પ્રથમ ઘટના છે.

હવેલી સંગીતના સંરક્ષણ અંગે તેઓ સૂચવે છે કે યુનિવર્સિટી સ્તરે પૂર્ણ સમયના અભ્યાસક્રમો શરૂ થવા જોઈએ. અધિકૃત ગ્રંથોનું સર્જન, સંશોધન, દસ્તાવેજીકરણ અને તુલનાત્મક અભ્યાસને પ્રોત્સાહન મળવું જોઈએ. સાથે જ યુવા પેઢીમાં આ પરંપરા પ્રત્યે રસ જાગે તે માટે સેમિનાર, વર્કશોપ અને વ્યાખ્યાનમાળાઓનું આયોજન પણ સમયની જરૂરિયાત છે. પાંચ સદીથી વધુ સમયથી મંદિરોની દિવાલોમાં ગુંજતો હવેલી સંગીતનો સ્વર હવે રાષ્ટ્રીય મંચ સુધી પહોંચ્યો છે. આ સન્માન માત્ર એક કલાકારનું નહીં, પરંતુ ભારતની અમૂલ્ય સંગીત વિરાસતનું ગૌરવ વધારનારું સીમાચિહ્ન બની રહ્યું છે.

- હરેશ્વરી રાબા

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૦૮/૦૭/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૦ | ૧,૧૫૦.૦૦ | ૧,૫૫૦.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૩૯૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૩ | ઘઉં | ૧૧૮ | ૫૦૫.૦૦ | ૫૪૦.૦૦ |
| ૪ | બાજરી | ૧૦૭ | ૪૦૦.૦૦ | ૪૮૧.૦૦ |
| ૫ | મકાઇ | ૧૦ | ૪૯૦.૦૦ | ૫૦૬.૦૦ |
| ૬ | ચણા (કાબુલી ) | ૩૦ | ૧,૩૫૦.૦૦ | ૧,૬૧૧.૦૦ |
| ૭ | મગ | ૧ | ૧,૪૫૦.૦૦ | ૧,૫૧૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

# ખેડુતો વીજ ટાવરના મામલે ફરી એક વખત આરપારના મુડમાંઃ આજે સાબરકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, વડોદરા સહિત ૧૨ જિલ્લાના ખેડુતોની સભા યોજાશે



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ખેતરોમાંથી પસાર થતી ખાનગી કંપનીઓની વીજ લાઈન અને વીજ પોલના યોગ્ય વળતરની માંગ સાથે ખેડુતો આરપારના મુડમાં જોવા મળી રહ્યા છે. મોરબી જિલ્લાના જેતપર ગામેથી વીજ પોલના પુરતા વળતર મામલે હવે આંદોલન ભાગ-૩ ના સત્તાવાર મંડાણ કરી દેવામાં આવ્યા છે.

મીડીયાના અહેવાલ મુજબ આંદોલનના ભાગરૂપે જેતપર ગામની રામવાડી ખાતે મોરબી સહિત સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાના ખેડુત આગેવાનોની બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં સરકાર દ્વારા વીજ પોલના વળતર માટે બહાર પાડવામાં આવેલા નવા પરીપત્ર અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ સિવાય ચર્ચા વિચારણાના અંતે વીજ પોલ વળતરનુ આંદોલન રાજય વ્યાપી બનાવવા નીતી ઘડવામાં આવશે. જેમાં રાજયસ્તરની આંદોલન સમિતિની રચના કરવામાં આવશે, સમગ્ર ગુજરાતમાં હાલ ખાનગી કંપનીઓ દ્વારા વીજપોલ ઉભા કરવા અને વીજ વાયર પાથરવાની કામગીરી ચાલી રહી છે. ખેતરોમાં ઉભા કરાતા વીજપોલ અને પસાર થતા લાઈનના બદલામાં ખેડુતોને ઓછુ વળતર મળતુ હોવાથી વ્યાપક નારાજગી જોવા મળી રહી છે. આ અગાઉ યોગ્ય વળતરની માંગ સાથે જેતપર ગામે ખેડુતોએ ૧૯ દિવસ સુધી આમરણાંત ઉપવાસ આંદોલન કર્યુ હતું. જો કે ૧૯ માં દિવસે ખેડુતોની તબિયત લથડતાં સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને પારણા કરવાયા હતા.

તાજેતરમાં જ સરકારે ખાનગી વીજ કંપનીના વીજપોલ અને વાયરના વળતર અંગે નવી નીતી જાહેર કરી છે. પરંતુ જેતપરના ખેડુતોએ આ પરીપત્ર સામે અસંતોષ વ્યકત કર્યો છે. સરકારના આ નિર્ણયથી ખેડુતોને કેવા પ્રકારનુ આર્થિક નુકશાન થઈ શકે છે તે અંગે ચર્ચા કરવા માટે રાત્રે ૯ કલાકે ૧૨ જિલ્લાના ખેડુત આગેવાનોની એક મહત્વની બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં મોરબી, રાજકોટ, જામનગર, દ્વારકા, ગીર સોમનાથ, જુનાગઢ, પોરબંદર, અમરેલી, ભાવનગર, બોટાદ, કચ્છ અને બનાસકાંઠા ના ખેડુત પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે, આ સાથે જ આગામી વ્યુહ રચનાના ભાગરૂપે બીજી બેઠક યોજાશે. આજે તારીખ ૯ ને રાત્રે ૯ કલાકે વધુ ૧૨ જિલ્લાના ખેડુતોની બેઠક યોજાશે. જેમાં સાબરકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાવ -થરાદ, મહેસાણા, ગાંધીનગર અને નર્મદા જિલ્લાના આગેવાનો ભાગ લેશે. તમામ જિલ્લાના ખેડુતો સાથે ચર્ચા અને સર્વસંમત્તિ સાધ્યા બાદ ગુજરાત સ્તરની નવી આંદોલન કમિટીની રચના કરવામાં આવશે. આ કમિટી અંતર્ગત ખાનગી વીજ કંપનીઓ પાસેથી પુરતુ વળતર મેળવવા માટે આંદોલન પાર્ટ-૩ ની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

મોરબીના જેતપર ગામે છેલ્લા ૧૯ દિવસથી ચાલતા ખેડુતોનુ આમરણાંત ઉપવાસ આંદોલન પાર્ટ-૨ ને ૭ જુલાઈએ સમેટી લેવાયુ હતું. પરંતુ સરકાર અને ખાનગી વીજ કંપનીઓ સામેની લડત હજુ યથાવત રાખવાનો નિર્ણય લેવાયો છે. સરકાર દ્વારા વીજપોલના વળતર અંગે જાહેર કરાયેલા નવા પરીપત્ર સામે ખેડુતોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. જેને કારણે ખેડુત આગેવાનોએ હવે આંદોલન પાર્ટ-૩ શરૂ કરવાની જાહેરાત કરી છે. આંદોલનના અગ્રણી નેહુલ અમૃતીયાએ સરકારની નીતીઓ પર આકરા પ્રહાર કરતા આંકડાકીય માહિતી રજુ કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા વીજ પોલના વળતર માટે જે નવી નીતીને પરીપત્ર બહાર પાડવામાં આવ્યો છે તેનાથી દરેક ખેડુતને કરોડો રૂપીયાનુ આર્થિક નુકશાન વેઠવુ પડશે. આ નવા પરીપત્ર મુજબ ખાનગી વીજ કંપનીઓ ખેડુતોને માત્ર લાખો રૂપીયાનુ જ વળતર આપીને સંતોષ માની લેશે. જે ખેડુતો સાથે અન્યાય છે, હાલ પુરતો જેતપર ગામના તમામ ખેડુતો દ્વારા સરકારના આ નવા પરીપત્રનો સદંતર અસ્વીકાર કરવામાં આવ્યો છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

# અમરેલી જિલ્લામાં ભારે વરસાદથી સાવરકુંડલા સ્ટેટ હાઈવેના બે કટકા થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લામાં બે દિવસ અગાઉ ભારે વરસાદ અને ઉપરવાસના પાણીની ભયાનક આવકના કારણે મોટી હોનારત સર્જાઈ હતી. વરસાદના કારણે નદીઓ અને હાઈવે પર પાણી ફરી વળતા જનજીવન અને વાહનવ્યવહાર પર ભારે અસર પડી.

અમરેલી-સાવારકુંડલા સ્ટેટ હાઈવે પર ઓલિયા નજીક પાણીના ધસમસતા પ્રવાહમાં હાઈવે માર્ગ ધોવાઈ ગયો.

પાણીની પ્રચંડ ગતિના કારણે સ્ટેટ હાઈવેના બે ભાગ થઈ ગયા..જેને પગલે હાઈવે પરનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો અને રોડની બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

બીજી તરફ ભારે વરસાદના કારણે અમરેલી સ્ટેટ હાઈવે પર આવેલી કરેણ નદીમાં ઘોડાપૂર આવ્યું. નદીના પૂરના પાણી લાપાળીયા ગામમાં ઘૂસી જતાં આખું ગામ પાણી-પાણી થઈ ગયું. લાપાળીયા ગામ હાલમાં આસપાસ પાણીથી ઘેરાઈને બેટમાં ફેરવાઈ ગયું હતું. જો કે હાલ સ્થિતિ સામાન્ય કરવા પ્રયાસો ચાલી રહ્યા છે અને વરસાદની ગતિ ધીમી પડતા જનજીવન પાટે ચડી રહ્યું છે

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

જિલ્લા કલેકટરના રજાના આદેશનો સરેઆમ ભંગ : પ્રાથમિક શિક્ષણ અધિકારીની વિવાદાસ્પદ સુચનાથી નિયમ ભંગ

# શિક્ષણ વિભાગની ગંભીર બેદરકારી: રેડ એલર્ટ વચ્ચે પ્રાથમિક શાળાઓ શરૂ રખાતા વાલીઓમાં રોષ

પ્રતિનિધિ,ગાંધીનગર

દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં મેઘરાજા રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યા છે અને સર્વત્ર જળબંબાકારની સ્થિતિ બનાવી છે. હવામાન વિભાગ દ્વારા જિલ્લામાં ભારે થી અતિભારે વરસાદ ની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે.



આવી ગંભીર અને કટોકટીપૂર્ણ સ્થિતિમાં પણ વલસાડ જિલ્લાના શિક્ષણ વિભાગની એક ચોકાવનારી અને મોટી બેદરકારી બહાર આવી છે. જેને કારણે હજારો માસુમ બાળકોના જીવ જોખમમાં મુકાયા છે.

વલસાડમાં પુર જેવી પરિસ્થિતિ અને સતત વરસી રહેલા મુશળધાર વરસાદને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેકટરે વિદ્યાર્થીઓની સુરક્ષા કાજે એક દિવસ અગાઉ જ મોટો નિર્ણય લીધો હતો. કલેકટરે સમગ્ર જિલ્લાની તમામ શાળા કોલેજો અને આંગણવાડીઓમાં સત્તાવાર શૈક્ષણિક રજા જાહેર કરી હતી. જો કે કલેકટરના આ સંવેદનશીલ અને કડક આદેશનો વલસાડ તાલુકામાં સરેઆમ ભંગ થતો જોવા મળ્યો હતો.

કલેકટરના સ્પષ્ટ આદેશ હોવા છતાં વલસાડ તાલુકાની મોટાભાગની પ્રાથમિક શાળાઓ આજે બુધવારે રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવી હતી. આ પાછળનુ મુખ્ય કારણ પ્રાથમિક શિક્ષણ અધિકારીની ઘોર બેદરકારી અને વિવાદાસ્પદ સુચના હોવાનુ બહાર આવ્યુ છે. શિક્ષણ અધિકારી દ્વારા જ તમામ પ્રાથમિક શાળાઓ ચાલુ રાખવાના આદેશ આપી દેવાયા હતા. જેના કારણે સમગ્ર વહિવટી તંત્રના સંકલન પર મોટા સવાલો ઉભા થયા છે.

એક તરફ વલસાડના રોડ રસ્તાઓ, કોઝવે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ગરકાવ છે. ત્યારે રેડ એલર્ટની સ્થિતિમાં પણ માસુમ વિદ્યાર્થીઓને શાળાએ બોલાવીને અભ્યાસ ચાલુ રાખવામાં આવ્યો હતો. પોતાના બાળકોને જીવના જોખમે શાળાએ મોકલવા પડતા વાલીઓમાં શિક્ષણ વિભાગની જોહુકમી સામે ભારે રોષ અને અરેરાટી વ્યાપી ગઈ છે. વાલીઓ સવાલ ઉઠાવી રહ્યા છે કે જો કોઈ અઘટીત ઘટના ઘટી હોત તો તેની જવાબદારી કોની હોત.

આશ્ચર્યની વાત તો એ છે કે વલસાડ જિલ્લામાં અગાઉ પણ આવી અંધાધૂંધી અને અકસ્માત જેવી સ્થિતિઓ સર્જાઈ ચુકી છે. તેમ છતાં અગાઉની ઘટનાઓમાંથી કોઈ પાઠ ભણાવવાના બદલે શિક્ષણ વિભાગ આળસ અને બેદરકારીમાં જ રાચી રહ્યુ હોય તેવુ સાબિત થાય છે. કલેકટરના આદેશને હવામા ઉડાવી બાળકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા સાથે ખીલવાડ કરનારા આ જવાબદાર અધિકારીઓ સામે કડક પગલા લેવામાં આવે તેવી માંગ હવે ઉગ્ર બની છે.

# સુરતીલાલાઓ પુરમાં, નેતાઓ પાર્ટીમાં: સુરત મનપાના પાપે જનતા રામ ભરોસે: ભાજપના ધારાસભ્યએ ઉઠાવ્યા સવાલ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતમાં ભારે વરસાદ અને જળબંબાકારની સ્થિતિ વચ્ચે નાગરીકો મુશ્કેલીમાં મુકાયા હતા. ત્યારે કેટલાક કોર્પોરેટરની નાસ્તા પાર્ટીના વિડીયો બહાર આવતા ટીકા થઈ રહી છે. સોશીયલ મીડીયામાં વાયરલ થઈ રહેલા વિડીયોને લઈને લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. તો બીજી તરફ ભાજપના જ ધારાસભ્યએ મહાનગરપાલિકાની કામગીરી અને પદગ્રહણ સમારોહ પર સવાલો ઉઠાવ્યા હતા. આ દરમિયાન રાજય સરકારે રાહત અને બચાવ કામગીરીને વધુ અસરકારક બનાવવા સુરત મનપાના પૂર્વ કમિશ્નર શાલીની અગ્રવાલને વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. સોશીયલ મીડીયામાં વાયરલ થયેલા એક વિડીયોમાં સુરતના વોર્ડ નં.ર ના કોર્પોરેટર મનુ બલર સ્થાનિક કાર્યકરો સાથે ગાંઠીયાનો નાસ્તો કરતા જોવા મળ્યા હતા. વિડીયોમાં ભાજપના નેતા ધીરૂ માંગરોળીયા પણ તેમની સાથે

**કોર્પોરેટરની નાસ્તા પાર્ટીનો વિડીયો વાયરલ: સુરતીલાલાઓમાં રોષ: પદગ્રહણ સમારોહને લઈને સોશીયલ મીડીયામાં ભારે ટીકા**



વાતચીત કરતા જોવા મળ્યા હતા. આ વિડીયો તે સમયનો હોવાનુ કહેવાઈ રહ્યુ છે. જયારે શહેરના અનેક વિસ્તારોમાં લોકો વરસાદી પાણી વચ્ચે મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. કોર્પોરેટર મનુ બલરે વિડીયો ગઈ કાલે સવારનો હોવાની કબુલાત કરી છે. જો કે તેમનો દાવો છે કે નાગરીકોની સેવા અને સ્થળ મુલાકાત પૂર્ણ કર્યા બાદ કાર્યકરો સાથે નાસ્તો કરવામાં આવ્યો હતો. ભારે વરસાદ અને જળબંબાકાર વચ્ચે સુરત મહાનગરપાલિકાની ૧૨ વિવિધ સમિતિના ચેરમેનોના પદગ્રહણ સમારોહનુ આયોજન પણ ચર્ચાનો વિષય બન્યુ હતું. સોશીયલ મીડીયા પર અનેક લોકોએ સવાલ ઉઠાવ્યા હતા કે જયારે શહેર પાણીમાં ગરકાવ હતુ ત્યારે પદાધિકારીઓ પદગ્રહણ અને નાસ્તા કાર્યક્રમમાં વ્યસ્ત કેમ હતા, સમારોહ દરમિયાન ઢોકળા, ખમણ, ઈડલી-સંભાર અને અન્ય નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હોવાના મુદ્દે પણ લોકોમાં અસંતોષ જોવા મળ્યો હતો. સુરતીલાલાઓએ પ્રશ્ન કર્યો કે આવી આફતની સ્થિતિમાં કાર્યક્રમ મોકુફ રાખીને પદાધિકારીઓએ મેદાનમાં ઉતરી રાહત કામગીરીમાં જોડાવવુ વધુ જરૂરી ન હતું ? આ સમગ્ર મામલે ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ પણ ખુલ્લેઆમ સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યુ કે શહેરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પદગ્રહણ કાર્યક્રમ રદ કરવો જોયતો હતો અને તમામ નગરસેવકોએ મેદાનમાં ઉતરીને પ્રજાની વચ્ચે રહેવુ જરૂરી હતું. તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે અતિભારે વરસાદ દરમિયાન સર્જાયેલા જળભરાવ પાછળ મહાનગર પાલિકાની નિષ્ક્રિયતા જવાબદાર છે. વારંવાર રજુઆતો છતાં પ્રિમોન્સુન કામગીરી યોગ્ય રીતે થઈ ન હોવાનુ તેમણે જણાવ્યુ હતું. ખાડીઓની સફાઈ સહિતની કામગીરી માત્ર કાગળ પર રહી હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો.

# ભરૂચમાં આમ આદમી પાર્ટીના પીયુષ પટેલના પરીવારને મળ્યા ગોપાલ રાય: ભાજપ સરકાર પર કર્યા આકરા પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે જેલમાં બંધ ભરૂચ જિલ્લા પ્રમુખ પીયુષ પટેલના નિવાસ સ્થાને જઈ તેમના પરીવારજનોની મુલાકાત લીધી હતી. આ દરમિયાન નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા સહિત પાર્ટીના અનેક હોદ્દેદારો અને કાર્યકરો પણ હાજર રહ્યા હતા.



ગોપાલ રાયે પરીવારને હિંમત આપતા જણાવ્યુ હતુ કે સમગ્ર આમ આદમી પાર્ટી પીયુષ પટેલની સાથે મજબુતીથી ઉભી છે અને કાનુની તેમજ રાજકીય લડતમાં તેમને સંપૂર્ણ સહયોગ આપવામાં આવશે. મુલાકાત બાદ મીડીયા સાથે વાતચીતમાં ગોપાલ રાયે ભાજપ સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે આજે જે કોઈ જનતાના પ્રશ્નો ઉઠાવે છે તેને ખોટા કેસોમાં ફસાવીને જેલમાં મોકલવામાં આવે છે.

ઝઘડીયા જીઆઈડીસીમાં બોયલર દુર્ઘટનામાં કામદારોના મોત થયા બાદ જવાબદાર કંપની સામે કાર્યવાહી કરવાને બદલે કામદારોને ન્યાય અપાવવા અવાજ ઉઠાવનારા ધારાસભ્ય ચૈતર વસાવા, ભરૂચ જિલ્લા પ્રમુખ પીયુષ પટેલ, ઝઘડીયા પ્રભારી રજની વસાવા સહિત અન્ય આગેવાનો સામે કેસ નોંધવામાં આવ્યા હોવાનો તેમણે આરોપ લગાવ્યો હતો. ગોપાલ રાયે વધુમાં જણાવ્યુ હતુ કે ભાજપ સરકાર દમનની નીતી અપનાવીને આમ આદમી પાર્ટીના અવાજને દબાવી શકશે નહી. પાર્ટી આદિવાસીઓ, ખેડુતો અને મજુરોના હક્ક માટેની લડાઈ સતત ચાલુ રાખશે. તેમણે વધુમાં જણાવ્યુ કે જેલમાં બંધ કાર્યકરો અને નેતાઓ માટે કાનુની લડાઈ લડવામાં આવી રહી છે અને રાજયભરમાં તેમના સમર્થનમાં અવાજ ઉઠાવવામાં આવશે. જો સરકાર આવી કાર્યવાહી બંધ નહી કરે તો આગામી સમયમાં સમગ્ર રાજયમાં વ્યાપક આંદોલન શરૂ કરવામાં આવશે. તેમણે ભારપૂર્વક કહ્યુ હતુ કે આમ આદમી પાર્ટી અન્યાય સામે લડત ચાલુ રાખશે અને પીડીતોને ન્યાય અપાવવા દરેક સ્તરે સંઘર્ષ કરશે.

# અમદાવાદ DEOનો મોટો નિર્ણય: હવે સરકારી શાળાઓમાં પણ મળશે કાઉન્સેલિંગ સપોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓ પર પરીક્ષા, કારકિર્દી અને સોશિયલ મીડિયાના વધતા દબાણને કારણે માનસિક તણાવ અને ચિંતાની સમસ્યા વધી રહી છે. વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરી દ્વારા એક મહત્વપૂર્ણ પહેલ શરૂ કરવામાં આવી છે.

અમદાવાદની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના વિદ્યાર્થીઓને માનસિક સહાય અને માર્ગદર્શન મળી રહે તે માટે 'પ્રોજેક્ટ સારથિ' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ શાળાઓમાં એવું વાતાવરણ ઊભું કરવાનો છે, જ્યાં વિદ્યાર્થીઓ પોતાની સમસ્યાઓ ખુલ્લેઆમ રજૂ કરી શકે અને તેમને યોગ્ય માર્ગદર્શન મળી શકે.આ અભિયાન અંતર્ગત શિક્ષકોને વિશેષ કાઉન્સેલિંગ તાલીમ આપવામાં આવી રહી છે. તાલીમ મેળવેલા શિક્ષકો વિદ્યાર્થીઓના વર્તનમાં આવતા ફેરફારો, તણાવના સંકેતો અને તેમની વ્યક્તિગત સમસ્યાઓને વહેલી તકે ઓળખી શકશે.શિક્ષકો માત્ર શૈક્ષણિક માર્ગદર્શન પૂરતા મર્યાદિત ન રહી વિદ્યાર્થીઓના ભાવનાત્મક અને માનસિક વિકાસમાં પણ મહત્વની ભૂમિકા ભજવે તેવો આ પ્રોજેક્ટનો ઉદ્દેશ છે. જો કોઈ વિદ્યાર્થીને ગંભીર માનસિક મુશ્કેલી જણાશે તો તેને નિષ્ણાત કાઉન્સેલર્સની મદદ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે માનસિક સ્વાસ્થ્ય એટલું જ મહત્વપૂર્ણ છે જેટલું શૈક્ષણિક પ્રદર્શન. યોગ્ય સમયે મળતું માર્ગદર્શન વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ વધારવામાં અને મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવામાં મદદરૂપ બની શકે છે.

'પ્રોજેક્ટ સારથિ' દ્વારા અમદાવાદની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે વધુ સુરક્ષિત, સંવેદનશીલ અને સહાયક વાતાવરણ તૈયાર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ પહેલથી વિદ્યાર્થીઓ પોતાના વિચારો અને સમસ્યાઓ નિર્ભયતાથી વ્યક્ત કરી શકશે. અમદાવાદ DEOની આ પહેલને વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય તરફનું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે, જે ભવિષ્યમાં અન્ય શાળાઓ માટે પણ પ્રેરણારૂપ બની શકે છે.

# રામ મંદિર દાન ચોરી વિવાદ પર ભાજપ પર કોંગ્રેસ ભડકી: પીએમ મોદી પાસે માફીની કરી માંગ

તેમને મુહુર્તમાં શું લેવા દેવા હતી: ભગવાન રામની મુર્તિ કાળી કેમ છે? દરરોજ ૧૦ લાખ રૂપીયાની હેરાફેરી થતી હતી: કોંગ્રેસ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



રામ મંદિર વિવાદ મુદ્દે કોંગ્રેસે ભાજપ પર નિશાન સાધ્યુ છે. કોંગ્રેસે પ્રેસ કોન્ફરન્સ યોજીને રામ મંદિરના ઉદ્‌ઘાટન સમારોહના મુહુર્તને લઈ પ્રહારો કર્યા હતા.

કોંગ્રેસના સાંસદ શકિતસિંહ ગોહિલે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે હિન્દુ ધર્મમાં કહેવાય છે કે શંકરાચાર્યનો આદેશ છેલ્લો આદેશ છે પરંતુ ભાજપે મત માટે તેમની વાત સાંભળી નહી, તેમણે વધુમાં કહ્યુ કે અયોધ્યાના રામ મંદિરમાં ૪૦ દિવસના સીસીટીવી કુટેજ મળ્યા છે. જેમાં ૭૦ વખત ચોરીની ઘટનાઓ જોવા મળી છે.

૨૦૨૩ થી ૨૦૨૫ ના ઓડીટ રીપોર્ટમાં એવુ પણ લખવામાં આવ્યુ છે કે રામ મંદિરમાં દાનની ચોરી થઈ રહી છે. આટલુ જ નહી સીસીટીવીનુ કવરેજ એ પણ છે કે જયારે જમીનની ખરીદી કરવામાં આવી ત્યારે આ વસ્તુઓ સાચી ન હતી, રૂપીયા ૨.૯ કરોડ ની જમીન રૂપીયા ૧૮ કરોડમાં ખરીદવામાં આવી હતી તે સમયે જ તેને બરતરફ કરવાની હતી, સાંસદે વધુમાં કહ્યુ કે શંકરાચાર્યએ કહ્યુ કે મુહુર્ત અત્યારે નથી પરંતુ ચુંટણી આવી રહી છે તો તેમને મુહુર્ત સાથે શું લેવા દેવા હતો, તેઓ (ભાજપ) ને ન તો હિન્દુઓ સાથે કોઈ લેવા દેવા છે, ન તો રામ સાથે, ન તો શંકરાચાર્ય સાથે કોઈ લેવા દેવા છે, શંકરાચાર્યે તેમને કહ્યુ કે મુહુર્ત યોગ્ય નથી ત્યારે તેઓએ રામ મંદિરના કાર્યક્રમનુ આયોજન કર્યુ ત્યારે ફરીથી વાત કરી તેઓ ચુંટણીનો લાભ લેવા માંગતા હતા. શકિતસિંહ ગોહિલે વધુમાં જણાવ્યુ હતુ કે હું ભગવાન રામ, મારા કુળદેવી અને મારા ઈષ્ટદેવની પુજા કરૂ છું, પરંતુ હું તેનો ઉપયોગ નોટો કે મત માટે નથી કરતો અને આ ભાજપના લોકો ખાસ કરીને આજના યુગમાં ભગવાનના નામ પર જ રોટલા શેકે છે. શંકરાચાર્યએ ના પાડી અને તેઓ ત્યાં ગયા નહી પરંતુ તેઓ માત્ર રાજકારણ કરવા માંગતા હતા.

વધુમાં તેમણે કહ્યુ કે તે સમયે પણ કેટલાક લોકો કહેતા હતા કે કનૈયાજી શ્યામ રંગના છે, ભગવાન રામની ત્વચા ગોરી હતી અને કાળા ન હતા. તે સમયે લોકો પુછતા હતા કે મુર્તિ કાળા રંગની કેમ બને છે ? રામમંદિરમાં દરેક જગ્યાએ રામ દરબાર છે, એટલે કે ભગવાન રામ, સીતામા અને આખો રામ દરબાર છે. તેઓ કહે છે કદાચ મોદીજીએ આનો અર્થ ત્યાં ન છોડયો હોય કે રામ દરબાર ન હોવો જોઈએ(રામ મંદિર) પ્રથમ સ્થાન બન્યુ જયાં સીતા માને સ્થાન આપવામાં આવ્યુ નહી, સાંસદે વધુમાં કહ્યુ કે કરોડો લોકોએ પણ આ મંદિર માટે દાન આપ્યુ છે. ગરીબ લોકોએ પણ પેટ કાપીને દાન આપ્યુ છે. ભગવાન રામ પ્રત્યેની તેમની ભકિતમાંથી દાન આપ્યુ છે. તે મંદિર કોઈના બાપનુ નથી, તેથી આ મંદિરની ચોરીને બિલકુલ માફ કરી શકાય નહી, તે સમયે નિર્મોહી અખાડાએ કહ્યુ હતુ કે હજારો કરોડ રૂપીયાનુ દાન રામમંદિર માટે આવ્યુ છે અને ભાજપના લોકોએ કરોડો રૂપીયા પર હાથ માર્યો છે.

તેમણે વધુમાં કહ્યુ કે રામમંદિરમાં દાનની ચોરીનો મામલો બહાર આવ્યો ત્યાં સુધી રોજે રોજ ૧૬ થી ૧૮ લાખ રૂપીયા દાન સ્વરૂપે જમા કરવામાં આવતા હતા. પરંતુ મંદિરમાં ચોરીની વાત સામે આવતા જ દરરોજ ૨૪ થી ૨૬ લાખ રૂપીયા જમા થવા લાગ્યા, એટલે કે રોજેરોજ લગભગ ૧૦ લાખ રૂપીયાની ગેરરીતી થતી હતી. મંદિરના મહંત લાલદાસે કહ્યુ કે રામમંદિરના પ્રમુખ મહંત લાલદાસ, રામમંદિરના પ્રમુખ યાત્રિકોએ કહ્યુ હતુ કે તે દરમિયાન મંદિરમાં દાન ની ચોરી થઈ હતી.

એક ધાર્મિક સ્થળ તેને રાજકીય અખાડો ન બનાવો, બાદમાં તેમને પહેલા તેમના પદ પરથી હટાવવામાં આવ્યા હતા અને પછી તેમની હત્યા કરવામાં આવી હતી. તેમણે વધુમાં માંગણી કરી કે દાનની આ ચોરીના તળીયે પહોચવા માટે સમગ્ર શ્રીરામ જન્મભુમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને બરતરફ કરો, આ પછી બધા શંકરાચાર્ય જી, સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશો, નિર્મોહી અખાડાના પ્રતિનિધિઓ અને ઋષી મુનિઓએ મળીને એક નવુ ટ્રસ્ટ બનાવવુ જોઈએ, જેથી કરીને તેમાં કોઈ ચંપત ન રહે અને કોઈ લંપટ ન કરે. ચંપતરાયની તાત્કાલીક ધરપકડ થવી જોઈએ.

તેમણે વધુમાં કહ્યુ કે આ મામલાની તપાસ સુપ્રિમ કોર્ટની દેખરેખ હેઠળ થવી જોઈએ, જવાબદારી લેતા મોદીજી એ દેશની જનતાની માફી માંગવી જોઈએ કે સંતો અને ઋષીઓને બદલે ચંપતરાય અને તેમના લોકોને સામેલ કરવાની તેમની ભુલ હતી.

વધુમાં માંગણી કરી હતી કે પીએમ મોદીને જણાવવુ જોઈએ કે ચંપતરાય તેમના ભગવાન કહીને દેશના લોકોની ભાવનાઓનુ અપમાન કર્યુ છે અને તેમને ભગવાન ગણાવીને સામાન્ય માણસ છે, અને ભગવાન વિષ્ણુનો અવતાર નથી. મને (પી એમ મોદી ) કહેવામાં આવ્યુ હતું. અને હું આજદીન સુધી મૌન રહેવા માટે દેશની જનતાની માફી માંગુ છું.

# મુખ્યમંત્રી કહે છે બેરોજગારોને રોજગારી મળવી જોઈએ તો બીજી તરફ આઈએએસ રાજીવ ટોપનો કહે છે રોજગારીની વાતો કરતા બેરોજગારોને ઘરભેગા કરવા જોઈએ તેવુ ચર્ચાય છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના કેટલાક આઈએએસ અધિકારીઓએ જાણે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની છબી ખરડાય તેવી ઝુંબેશ ઉપાડી હોય તેમ રાજયના આરોગ્ય વિભાગના વડા આઈએએસ રાજીવ ટોપનો હવે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવતા પ્રચાર ઉપર પાણી ફેરવી રહ્યા હોય તેવુ લાગી રહ્યુ છે.

આરોગ્ય વિભાગના આઈએએસ રાજીવ ટોપનોએ રાજયના બેરોજગાર યુવાનો સાથે મજાક કરી હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યુ છે. કારણ કે આરોગ્ય વિભાગના વડા આઈએએસ રાજીવ ટોપનો દ્વારા નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) અંતર્ગત ભરતી પર રોક લગાડી દેવામાં આવતા યુવાનોમાં રોષ ભભુકી ઉઠયો છે. આ અંગે નેશનલ હેલ્થ મિશનના ડાયરેકટર અને ગ્રામ્ય કમિશ્નર આઈએએસ રતનકંવર ગઢવી ચારણ ને મંત્રીઓ અને ધારાસભ્યો દ્વારા માનવતા દાખવવા સુચનો કર્યા હોવા છતાં આઈએએસ અધિકારીઓમાં જાણે માનવતા પરવારી હોય તેમ મંત્રીઓ અને ધારાસભ્યોની રજુઆતોને ધ્યાને ન લેતા આગામી સમયમાં સીએમઓ માં બંને આઈએએસ અધિકારીઓ વિરૂધ્ધ ફરીયાદ થાય તો નવાઈ નહી.

કારણ કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વારંવાર સરકારી અધિકારીઓને કહી રહ્યા છે કે મંત્રીઓ અને ધારાસભ્યોના ફોન ઉપાડી જરૂરી કામ કરો તેમ છતાં કેટલાક આઈએએસ અધિકારીઓ જાણે મંત્રીઓ અને ધારાસભ્યોની રજુઆતો અને કામો ન કરવાના સોગંદ લીધા હોય તેમ વર્તી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રામ્ય કમિશ્નર મીડીયાને પણ મળવાનુ ટાળી રહ્યા છે તે પણ એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. મીડીયાને ન મળવા પાછળનુ કારણ શું ? તે જવાબ આપવા માટે પણ ગ્રામ્ય કમિશ્નર પાસે શું નવરાસ નથી ? ત્યારે ગ્રામ્ય કમિશ્નરે મીડીયાને મુલાકાત આપી આરોગ્ય વિભાગની સાચી ખોટી માહિતી પુરી પાડવી જોઈએ તેવુ મીડીયા આલમમાં ચર્ચાઈ રહ્યુ છે.

રૂા.૬૦૬.૪૩ કરોડની સર્વાધિક માસિક માલવહન આવક, રૂા.૭૬૭.૦૧ કરોડની કુલ આવક નોંધાઈ

# અમદાવાદ મંડળે જૂન-૨૦૨૬માં વાણિજ્યિક ક્ષેત્રે સર્જ્યો નવો કીર્તિમાન

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે જૂન-૨૦૨૬ દરમિયાન મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નેતૃત્વ હેઠળ વાણિજ્યિક ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. માલવહન આવક, પાર્સલ વ્યવસાય, બિન-ભાડા આવક, યાત્રી સુવિધાઓ તેમજ ટિકિટ ચેકિંગ અભિયાનોમાં મંડળે ઉત્કૃષ્ટ કામગીરી નોંધાવી છે. વિવિધ ક્ષેત્રોમાં અમદાવાદ મંડળે અનેક નવા કીર્તિમાનો સ્થાપિત કર્યા છે.

માલવહન આવક **(Freight Business)**

- જૂન-૨૦૨૬ દરમિયાન રૂા.૬૦૬.૪૩ કરોડની માલવહન આવક પ્રાપ્ત કરવામાં આવી, જે નિર્ધારિત લક્ષ્ય કરતાં ૩.૬૦% અને ગયા વર્ષની સમાન અવધિની સરખામણીએ ૧૩.૫૯% વધુ છે. આ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન અત્યાર સુધીની સર્વાધિક માસિક માલવહન આવક છે.
- ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ રૂા.૨૬.૫૮ કરોડની એક દિવસની માલવહન આવક પ્રાપ્ત કરીને નવો રેકોર્ડ સ્થાપિત કરવામાં આવ્યો.

પાર્સલ વ્યવસાય **(Parcel Business)**

- જૂન-૨૦૨૬ દરમિયાન રૂા.૬.૧૯ કરોડની પાર્સલ આવક પ્રાપ્ત કરવામાં આવી, જે ગયા વર્ષની સરખામણીએ ૭.૬૫% વધુ છે.
- ભુજથી બાંદ્રા ટર્મિનસ સુધી ૨૨ ટન કેરીનો જથ્થો પાર્સલ સેવા મારફતે મોકલવામાં આવ્યો, જેના દ્વારા એક જ દિવસમાં રૂા.૧.૨૬ લાખની આવક પ્રાપ્ત થઈ.

યાત્રી વ્યવસાય અને કોચિંગ **(Passenger Business & Coaching)**

- જૂન-૨૦૨૬ દરમિયાન રૂા.૧૪૫.૫૮ કરોડની યાત્રી આવક પ્રાપ્ત કરવામાં આવી.
- વધારાની મુસાફરોની ભીડને ધ્યાનમાં રાખીને ૬૭ વિશેષ ટ્રેન સેવાઓનું સંચાલન કરવામાં આવ્યું.
- મુસાફરોની સુવિધા માટે ૧૨૨ વધારાના કોચ જોડવામાં આવ્યા, જેના પરિણામે અંદાજે ૦.૯૭ લાખ મુસાફરોને લાભ મળ્યો તેમજ રૂા.૧૦.૩૩ કરોડની વધારાની યાત્રી આવક પ્રાપ્ત થઈ.

ટિકિટ ચેકિંગ અને સ્વચ્છતા અભિયાન **(Ticket Checking & Cleanliness Drive)**

- જૂન-૨૦૨૬ દરમિયાન ટિકિટ ચેકિંગ દ્વારા રૂા.૨.૭૦ કરોડની આવક પ્રાપ્ત કરવામાં આવી, જે ગયા વર્ષની સરખામણીએ ૨૩.૨૯% વધુ છે.
- સ્વચ્છતા અભિયાન અંતર્ગત ૧,૨૩૦ એન્ટિ-લિટરિંગ (કચરો ફેંકવા વિરુદ્ધ) કેસોમાં કાર્યવાહી કરીને રૂા.૨.૨૦ લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો.

બિન-ભાડા આવક **(Non-Fare Revenue) – નવી પહેલ**

- કાંકરિયા ગુડ્સ શેડ ખાતે એક્સેસ-કંટ્રોલ્ડ પેઈડ પાર્કિંગ અને ફ્રેઈટ એલાઈડ સર્વિસિસ માટે ૭ વર્ષના સમયગાળા માટે રૂા.૨૦.૭૩ કરોડ મૂલ્યનો કરાર આપવામાં આવ્યો.
- તમામ નોન-પ્રીમિયમ ટ્રેનોમાં ટ્રેન સાઈડ વેન્ડિંગ (TSV) માટે ૩ વર્ષના સમયગાળા માટે રૂા.૩.૭૧ કરોડ મૂલ્યનો કરાર આપવામાં આવ્યો.
- ટ્રેન નંબર ૨૨૯૬૧/૨૨૯૬૨માં હેડરેસ્ટ કવર પર જાહેરાત દ્વારા રૂા.૦.૫૭ કરોડની કરાર આધારિત આવક પ્રાપ્ત થઈ.
- અમદાવાદ રેલવે સ્ટેશન પર આધુનિક ડિજિટલ લગેજ લોકર સુવિધા શરૂ કરવામાં આવી, જેના દ્વારા મુસાફરોને સુરક્ષિત અને સ્વચાલિત સામાન સંગ્રહની સુવિધા ઉપલબ્ધ થઈ.

યાત્રી સુવિધાઓ **(Passenger Amenities)**

- ઉનાળાની ઋતુ દરમિયાન વિવિધ સ્ટેશનો પર સ્ટેશન કર્મચારીઓ અને સ્વયંસેવક સંસ્થાઓના સહયોગથી સામાન્ય શ્રેણીના મુસાફરો માટે ઠંડા પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
સી.એન.સી.ડી. વિભાગ, સેન્ટ્રલ સ્ટોર્સ વિભાગની અંદર,
જગન્નાથ મંદિરની સામે, જમાલપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નંબર : ૦૭૯-૨૫૩૫૯૬૫૦.
cncd@ahmedabadcity.gov.in

ઈ-ટેન્ડર નોટીસ નં.31/2026-27/CNCD/AMC.
"સી.એન.સી.ડી. ખાતામાં પશુ વિષયક વિવિધ કામગીરીઓ માટે વેટરનરી સ્ટાફ સેનેટરી / સેનીટેશન સ્ટાફ, પશુ સંલગ્ન માહીતી / રેકર્ડ કીપર, ટેકનીકલ સ્ટાફ અથવા આ પ્રકારના અન્ય સ્ટાફ આઉટ સોર્સીંગ દ્વારા કોન્ટ્રાક્ટથી પુરા પાડવાની કામગીરી" માટે રસ ધરાવતી પાર્ટીઓ/ એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર મંગાવવામાં આવે છે. અ.મ્યુ.કો.ની વેબસાઈટ: www.ahmedabadcity.gov.in તથા https://tender.nprocure.com. પરથી ટેન્ડર ડાઉનલોડ કરવાના રહેશે તથા તેમાં જણાવ્યા મુજબથી પ્રક્રિયા નિયત સમયમર્યાદામાં અનુસરવાની રહેશે.

ડે.મ્યુનિસિપલ કમિશનર
(સી.એન.સી.ડી.)

# ગુજરાત પોલીસદળમાં નવનિયુકત ૪૪૯ બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટરોને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે નિમણુંક પત્ર એનાયત

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાત પોલીસમાં બિન હથિયારી પીએસઆઈ તરીકે જોડાઈ રહેલા નવનિયુકત યુવાઓને નિષ્ઠા, પ્રમાણિકતા અને સમાજ સેવાની ભાવનાથી કર્તવ્યરત રહીને નાગરીક દેવો ભવ તથા વસુધૈવ કુટુંબકમ ના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા મંત્રને સાકાર કરવા આહવાન કર્યુ હતું.



રાજયમાં કાયદો અને વ્યવસ્થાને વધુ મજબુત બનાવવા વધુ ૪૪૯ બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટરોને પોલીસ દળમાં નિમણુંક આપવામાં આવી છે. આ નવનિયુકત યુવાઓને નિમણુંક પત્ર અર્પણનો ગરીમામય સમારોહ ગાંધીનગરમાં યોજાયો હતો. નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ તેમાં વિશેષરૂપે ઉપસ્થિત રહીને નવનિયુકત અધિકારીઓનો ઉત્સાહ વધાર્યો હતો. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યુ કે કોઈપણ રાજયનો વિકાસ શાંતિ અને સલામતી વગર શકય નથી. આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે ગુજરાતે દેશના રોલ મોડલ તરીકે તથા રોકાણો વેપાર ઉદ્યોગ ક્ષેત્રે વૈશ્વિક વિકાસની જે ખ્યાતિ મેળવી છે તેમાં શાંતિ અને સલામતીના પ્રહરી એવા પોલીસદળનો સિંહફાળો છે. તમે સૌ હવે આ પોલીસદળમાં જોડાયા છો અને સમાજને, તમારા પરીવારને તમારા સૌ માટે ગૌરવ થાય એવુ રાજય-રાષ્ટ્ર હિતનુ દાયિત્વ તમારે સમાજ સાથે રહીને નિભાવવાનુ છે, એમ મુખ્યમંત્રીએ નવનિયુકત યુવા પોલીસ સબ ઈન્સ્પેકટરોને પ્રેરણા આપતા જણાવ્યુ હતું. મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે પોલીસતંત્રમાં કોઈ એક વ્યકિતનુ સારૂ કાર્ય આખાય ડીપાર્ટમેન્ટને ક્રેડિટ અપાવનારૂ બની જતુ હોય છે. નવનિયુકત યુવાઓએ તેમાંથી પ્રેરણા લઈને સારૂ શીખીને પોલીસદળ ની છબી વધુ ઉજાળવાની છે તેવુ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે નિષ્ઠા, પ્રમાણિકતાથી કામ કરનારાઓની સાથે સરકાર હંમેશા ઉભી રહે છે. સૌ સાથે મળીને ગુજરાતને શાંતિ અને સલામતીમાં વધુ સંગીન અને ગૌરવશાળી બનાવીએ તેવો અનુરોધ પણ તેમણે કર્યો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પારદર્શી ભરતી વ્યવસ્થા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડની પ્રશંસા કરી હતી અને નવનિયુકત યુવાઓને શિસ્ત પાલન સાથે ફરજ ઉપર રહેવાની શીખ પણ આપી હતી.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતુ કે સામાન્ય જનતા માટે પોલીસ એટલે ગુન્હેગારોને સીધા કરનારી એક ફોર્સ છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે જયારે પણ રાજયમાં કોરોના મહામારી કે ભારે વરસાદ જેવી કુદરતી આફતો સહિતની કોઈપણ કપરી પરીસ્થિતિ આવે ત્યારે જનતાના રક્ષણ માટે સૌથી પહેલુ નામ પોલીસનુ જ આવે છે. નાયબ મુખ્યમંત્રીએ નવનિયુકત અધિકારીઓને સંબોધતા કહ્યુ કે કાયદો હાથમાં લેનારા તત્વોને કાયદાનુ ભાન કેવી રીતે કરાવવુ તે તેમને આવડવુ જોઈએ , અને જો તમારામાંથી કોઈ કાયદો હાથમાં લે શે તો મૃદુ અને મકકમ એવા આપણા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકાર કડક હાથે કામ લેવા સક્ષમ છે. સૌથી વધુ ભ્રષ્ટાચારી અધિકારીઓ સામે કડક પગલા ભરીને વહિવટી તંત્રને શુધ્ધ (ગંગાજળ પીવડાવવા) કરવાનુ કામ ગુજરાતના મુખ્યમંત્રીએ કર્યુ છે. આજના આધુનિક યુગનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યુ હતુ કે ટેકનોલોજીના આ જમાનામાં પણ ગુન્હાશોધનમાં ટેકનીકલ ઈન્ટેલીજન્સ કરતા હ્યુમન ઈન્ટેલીજન્સ આજે પણ ખુબ જ મહત્વનુ પાસુ છે.

ગુજરાત પોલીસ ભરતીબોર્ડના અધ્યક્ષ ડો. નિરજા ગોટરૂ એ નવનિયુકત પોલીસ સબ ઈન્સ્પેકટરોને શુભેચ્છાઓ આપતા કહ્યુ હતુ કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આ ભરતી સૌથી ઝડપી તેમજ પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવી છે. માર્ચ ૨૦૨૪ માં ગુજરાત પોલીસ ભરતી બોર્ડની રચના કર્યા બાદ આ પ્રથમ સફળ બેન્ચ છે.

### વર્ષ ૨૦૦૬ની ભારે રેલ પછી પણ સરકારી અને મ.ન.પા તંત્રની બેદરકારી ચાલુ રહેલ છે

# સુરત શહેરમાં સામાન્ય વરસાદમાં ભરાતા પાણી અને રેલ માટે સુરત મ.ન.પા નું તંત્ર અને સરકારી તંત્રની ઘોર બેદરકારી જવાબદાર

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

વર્ષ ૨૦૦૬માં સુરતમાં આવેલ ભયાનક રેલ માટે જે તે સમયના ગુજરાત રાજયના પાણી પુરવઠા મંત્રી નરોત્તમભાઈ પટેલની ગુનાહિત બેદરકારી અને અધિકારીઓ ધ્વારા થયેલ અનુકરણના કારણે સુરત શહેરમાં ભારે રેલથી કરોડો રૂપિયાનું નુકશાન અને હજારોની સંખ્યામાં પશુઓના મૃત્યુ થયા હતા. સુરત શહેરમાં આવેલ આ રેલથી તાપી કિનારાના વસતા અનેક લોકોના મકાનો, ઝૂપડાઓ, ગાયો-ભેંસો, ઘેટાં-બકરાઓના તબેલા હતા જેના ઉપર તેઓ નિર્ભર હતા તેઓની આજીવિકા આ રેલના પાણીમાં તેઓની આંખની સામે તણાઈ ગઈ હતી. તાપી નદી ઉપર બંધાયેલ ઉકાઈ ડેમના પાણીથી ખેડૂતોને ખેતી માટે ઉપયોગી છે પરંતુ ડેમમાં વધતાં-જતાં પાણીને કંટ્રોલ કરવામાં વહીવટી તંત્ર સદંતર નિષ્ફળ નીવડેલ છે. જ્યારે તાપી નદીના ઉપરવાસમાં પાણીની આવક વધે આ સંજોગોમાં સમયાંતરે પાણીનું સ્તર જાળવી રાખવું જોઈએ. પરંતુ સરકારી તંત્ર, સરકારી અધિકારીઓ કે મંત્રીઓ આ દિશામાં ક્યારેય પણ વિચાર કરેલ નથી.

તાપી નદીના પૂર, કાકરાપાર ખાડીના પૂર કે બીજી ખાડીઓમા વરસાદ દરમ્યાન પાણી ભરાય એ સમજી શકાય. પરંતુ તેના નિકાલ માટે વહીવટી તંત્ર સદંતર બેદરકારી રાખે અને નિષ્ફળ જાય ત્યારે પૂર આવે છે. સુરત શહેરની વાત કરીએ તો સુરત શહેરમાંથી પસાર થતી કાંકરાપાર ખાડી, મીઠી ખાડી અને કોયલી ખાડીની આજુબાજુના સુરત શહેરમાંથી આ ખાડીઓ પસાર થાય છે.ત્યાંથી જ્યાં દરિયાને મળે છે ત્યાં સુધી બંને બાજુએ સ્વાર્થી લોકોએ ભ્રષ્ટાચારી તંત્રના મેળાપીપણામાં બંને બાજુએ એટલા દબાણો કર્યા છે કે પાણીના વહેણને રોકી રાખે છે. આ સત્ય હકીકતથી સરકારી તંત્ર, અધિકારીઓ, મ.ન.પા ના પદાધિકારીઓ તેમજ સરકારના મંત્રીઓ, ઉચ્ચ અધિકારીઓ સંપૂર્ણપણે વાકેફ હોવા છતાં તે દિશામાં કોઈ સમયસરની ઉચિત કાર્યવાહી કરવામાં આવતી નથી. પરિણામે વર્ષો-વર્ષ સુરત શહેરમાં થોડા વરસાદમાં પણ ઠેર-ઠેર પાણી ભરાય છે. સુરત મ.ન.પાનું તંત્ર એટલી હદે નિષ્ફળ ગયેલ છે કે બે-પાંચ ઈંચ વરસાદમાં પણ સમગ્ર શહેર પાણી-પાણી થઈ જાય છે. જેના કારણે શાળા કોલેજો બંધ કરવાની ફરજ પડે છે. ૭૦ લાખ ઉપરાંતની વસ્તી ધરાવતા સુરત શહેરમાં જન્મ-મરણ નિશ્ચિત નથી હોતા. ઠેર-ઠેર પાણી ભરાઈ જવાને કારણે ગર્ભવતી મહિલા કે અન્ય રોગીને હોસ્પિટલ ઈમરજન્સીમાં એમ્બ્યુલન્સ કે પ્રાઈવેટ વાહનોમાં હોસ્પિટલ લઈ જવા પણ તકલીફ વેઠવી પડે છે. અને મરણ દરમ્યાન પણ સ્મશાનગૃહમાં સ્મશાનવાહિની કે પ્રાઈવેટ વાહનોને પણ ખૂબ જ તકલીફોનો સામનો કરવો પડે છે. આવા સંજોગો વારંવાર સર્જાતા હોવા છતાં ખાડીના પાણીને અવરોધતા બાંધકામ દૂર કરવા અંગે મ.ન.પા અને સરકારી તંત્ર નિષ્ફળ ગયેલ છે. સરકાર અને મ.ન.પા ના બેદરકારીના કારણે સુરત શહેરમાં ભારે રેલ આવી અને આ રેલમાં કોઈ કર્મચારી સંજોગો વસાત કે માંદગીના કારણોસર ફરજ ના બજાવી શક્યા તેઓને મ.ન.પા તંત્ર એ નોકરીમાંથી કાયમી ધોરણે છૂટા કરી દેવામાં આવ્યા. અને તેઓનો પરિવાર આજે રસ્તા ઉપર આવી ગયા છે. આ ૨૦૦૬ માં આવેલ રેલ કુદરતી રેલ ન હતી પરંતુ રાજય સરકારના જે તે સમયના ભૂતપૂર્વ કેબિનેટમંત્રી નરોત્તમભાઈ પટેલના આદેશ અને જે તે સમયના કલેક્ટર અને મ.ન.પા ના નફફટ તંત્રના પાપે વર્ષ ૨૦૦૬ માં રેલ આવી તેઓની સામે સરકારે કોઈ પગલાં લીધા નહીં.

સુરત મ.ન.પા એ કરોડો રૂપિયાના ખર્ચે વરસાદી પાણીની ગટરો બનાવી છે. પરંતુ આ વરસાદી પાણીની ગટરો સમયાંતરે સાફ-સૂફી નહીં થવાને કારણે પાણીના વહેણ બંધ થાય છે. અને વરસાદના પાણીનો નિકાલ નહીં થતાં સમગ્ર સુરત શહેરમાં પાણી ભરાય છે. અને શહેરીજનોને મુશ્કેલી વેઠવી પડે છે. સુરત મ.ન.પાના અધિકારીઓ આટલી સીધી સમજ ધરાવતા નથી કે ઈરાદાપૂર્વક આવી બેદરકારી કરી રહ્યા છે. આમ વર્ષ ૨૦૦૬ ની ભારે રેલ પછી પણ સરકારી અને મ.ન.પા તંત્રની બેદરકારી ચાલુ રહેલ છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા સાંસદ શોભનાબેન બારૈયાની લોકાર્પણ અને ખાતમુહુર્તમાં અવશ્ય હાજરી પરંતુ વરસાદીગ્રસ્ત વિસ્તારોમાં પીડીતોને મળવા માટે ગેરહાજરી તેનુ કારણ શું?

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ





સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા સાંસદ શોભનાબેન બારૈયા જિલ્લામાં કોઈપણ સરકારી કે સંગઠનનો કાર્યક્રમ હોય ત્યારે બહેનશ્રી સસ્તી પ્રસિધ્ધી મેળવવા અને મીડીયાના કેમેરામાં કેદ થવા અવશ્ય હાજરી આપતા હોય છે તેવુ જિલ્લાની પ્રજા કહી રહી છે.

પરંતુ છેલ્લા બે-ત્રણ દિવસથી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં અનરાધાર વરસાદ પડી રહ્યો છે. વરસાદે પીડીત ખેડુતોની ખેતીનો કચ્ચરઘાણ વાળી નાંખ્યો છે. જિલ્લાના કેટલાક તાલુકાઓમાં વિજળી પડવાને કારણે પશુઓ મોતને ભેટયા છે. તો કેટલાક ઠેંકાણે ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે. જિલ્લાના કેટલાક તાલુકાઓમાં લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા છે. આ પીડીતોના ખબર અંતર પુંછયા ન હોવાની પીડીતોની બુમરોળ ઉઠી છે. જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના બાયપાસ રોડ ઉપર જિલ્લા પંચાયત આગળના બાયપાસ રોડ ઉપર કેડસમા પાણી ભરાઈ જવા છતાંય જિલ્લા સાંસદે આ બાયપાસ રોડ ઉપર લટાર મારી નથી. ત્યારે જિલ્લાની પ્રજા કહી રહી છે કે સાંસદશ્રી પોતાનો કિંમતી સમય બગાડી ખોબેખોબા ભરી મત આપેલ પ્રજાના હાલ પુછવા જોઈએ. વરસાદીગ્રસ્ત ના પીડીત લોકો શું ખાઈ રહ્યા છે, તેમના માટે કોઈ રહેવા માટે આસરો છે કે નહી તેના ખબરઅંતર પુછવા જોઈએ તેવી લોકોની માંગ ઉઠી છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઠેર ઠેર સાંસદ શોભનાબેનનો વિરોધ થઈ રહ્યો છે. ત્યારે સરકારી અને સંગઠનોના કાર્યક્રમોમાં હાજરી આપતા સાંસદે ગરીબ અસરગ્રસ્ત પરીવારોના ઘરોમાં જઈ ખબર અંતર પુછવા જોઈએ, અથવા તો તેમના માટે રહેવા માટે વ્યવસ્થા કરવી જોઈએ તેવી જિલ્લાની પ્રજાની માંગ ઉઠી છે.

# ડાંગ જિલ્લામાં મેઘાની તોફાની બેટિંગ, સાપુતારામાં ૧૩ ઈંચ વરસાદથી પૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)ડાંગ

ડાંગ જિલ્લામાં ફરી એકવાર મેઘરાજાએ પોતાની ધમાકેદાર ઈનિંગ શરૂ કરી છે. છેલ્લા ૨૪ કલાકમાં વરસી રહેલા આભ ફાટવા સમાન વરસાદને કારણે સમગ્ર ડાંગ પંથક જળબંબાકાર બની ગયો છે. ખાસ કરીને હિલ સ્ટેશન સાપુતારામાં મેઘરાજા મન મૂકીને વરસ્યા છે, જ્યાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. વઘઈ પંથકમાં પણ ૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે, જેના પરિણામે અંબિકા નદીમાં ઘોડાપૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. અંબિકા નદી પર આવેલો પ્રસિદ્ધ ગિરા ધોધ હાલ તેના રૌદ્ર સ્વરૂપમાં વહી રહ્યો છે. સતત પાણીની આવકને કારણે ધોધનો પ્રવાહ અત્યંત વેગવંતો બન્યો છે.

પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા લોકોને ગિરા ધોધની નજીક ન જવા, સેલ્ફી ન લેવા તેમજ જોખમી સ્થળોએ ન જવાની સખત સૂચના આપવામાં આવી છે. ડાંગના ઉપરવાસમાં પડી રહેલા ભારે વરસાદની સીધી અસર નીચાણવાળા વિસ્તારોમાં જોવા મળી રહી છે. અંબિકા નદીમાં પાણીની સતત આવક થતા નવસારી જિલ્લામાં પૂરની ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને નવસારીના ગણદેવી અને બીલીમોરા શહેરોમાં નદીના પાણી ફરી વળવાની સંભાવનાને પગલે તંત્ર એલર્ટ મોડ પર છે. ભારે વરસાદને પગલે ડાંગ જિલ્લામાં જનજીવન પ્રભાવિત થયું છે. સાપુતારા ખાતે મોડી રાત્રે અવિરત વરસાદને કારણે પહાડો પરથી માટી અને પથ્થરો રસ્તા પર ધસી આવ્યા હતા. આહવા-સાપુતારા માર્ગ પર શિવઘાટ નજીક વૃક્ષો ધરાશાયી થવાની તેમજ માટી અને પથ્થરો આવવાની ઘટનાઓ બની છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી માટી અને પથ્થરો હટાવી માર્ગોને વાહન વ્યવહાર માટે ખુલ્લા કરવામાં આવ્યા છે. ડાંગની અંબિકા, પૂર્ણા અને ખાપરી જેવી નદીઓમાં પાણીની સતત આવક થઈ રહી છે. જિલ્લાના ૩૦થી વધુ લો-લેવલ કોઝવે પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આ પરિસ્થિતિને જોતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકોને નદી-નાળા અને કોઝવે નજીક ન જવાની ખાસ અપીલ કરવામાં આવી છે.

